Barcode - 99999990814511
Title - H.H. Agakhan.
Subject -
Author -
Language - gujarati
Pages - 61
Publication Year - 0
Creator - Fast DLI Downloader
https://github.com/cancerian0684/dli-downloader
Barcode EAN.UCC-13

એચ. એચ. આગાખાન



गुजरात विद्यापीठ ग्रंथालय

अनुक्रमांक ५१६०७

पुस्तकांक

विषय

# આગાખાન.

મદ્રાસવાળા નેટેશન કંપની તરફથી ઇંગ્લીશ
છપાએલ છે, તેનો તરજુમો.

છાપનાર તથા પ્રગટ કરનાર,

ધી રીક્રીએશન કલબ ઇન્સ્ટીટયુટ પ્રેસ ડીપાર્ટમેન્ટના
ઓ. સેક્રેટરી હુસેનભાઈ શરીફે ધી ખોજા સીંધી
પ્રિન્ટીંગ પ્રેસ ૧૦૦-૧૦૧ પાલખી મહોલ્લા મુંબઈ
નાં. ૯ માં છાપી ત્યાંથીજ પ્રગટ કર્યું.

આવૃતી ૨ જી.] સન ૧૯૨૪ [પ્રત, ૧૦૦૦

કિંમત ૪ આના.

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઇટ-સંગ્રહ

# નિરિક્ષણ.

**અરબસ્તાન**, **મિસર**, **દેલમ** અને ઇરાન પછી હિંદ ભૂમિમાં જેના પૂજ્ય વંશજોની બુલંદી તરફ આજે આખી દુનિયાનું ચિત્ત આકર્ષનાર **નાο આગાખાનનું નામ** અને **કામ** સત્ય દીલોમાં જે છાપ પાડી રહ્યું છે, તે તેમની વડીલોપારજીત મહત્તા સમજાવ્યા વગર રહેતું નથી.

એક હજાર વર્ષ પૂર્વેની આખી દુનિયામાં જંગલી તરીકે ગણાતો દેશ તે એકજ માત્ર **અરબસ્તાન** હતો. પરંતુ **નાο આગાખાનનાં** મૂળ વંશજ હઝરત **અલી**-નાંથી ઇલ્મનાં પ્રકાશિત કિરણોએ આજે આખી દુનિયામાં જે રોશની ફેલાવી છે તેનાં મધ્ય બિંદુ તરીકે તેજ વખતથી **ક્રમશ** એજ **હο અલી**ની સીધી નર નસલે ઉતરી આવનારાઓ એક પછી એક હતા. એમ મશહુર તવારીખોનાં પાનામાં મોજુદ છે.

"ઇનસાન જાતની તરક્કી કરવી." એજ એ વંશજોનો **મુદ્રાલેખ** હોવાથી, સત્તા ઉપર, કે વગર સત્તાએ એમનાં **વચનો** સત્તાનુ પણ જીવનરૂપ કાર્ય કરતાં આવ્યાં છે. અને તેથીજ એમનાં સાદા જીવનની અદેખાઈ **મહાન**

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઈટ-સંગ્રહ

રાજકર્ત્તાઓ કરતા, એ એમનાં નિર્મળ ઉદ્દેશનો સ્પષ્ટ આદર્શ પ્રગટ કરે છે: અને તેથીજ તેમની સત્ય લડતનું જીવન છુપું રહી શકયું નથી.

કેદખાનું કે **રાજસત્તા** એ એમના સ્વતંત્ર સત્યવડે નિરમાલ્ય દેખાયા છે. આ સામટા વંશજોનો સંપૂર્ણ પુરાવો **ના૦ આગાખાન સર સુલતાન મહુમદશાહનાં** ટુંક સમયની ચકિત કરી નાંખનારી વિજળીક કાર્યદક્ષતા અને સત્તાની ટોંચે પહોંચનારી વેગવાળી અદભૂત શકિત મુખ્ય છે.

એમના મૂળ પૂજ્ય વડીલો માફક જે દેશમાં, જે કાર્યમાં, અને જે પક્ષમાં એઓ હોય, ત્યાંજ આબાદી અને ફતેહમંદીનો વાવટો ફરકે! એમાં આજે પણ નવાઈ લાગતી નથી.

જે કાર્ય, શ્રમ અને મહાન લડત વડે, સર સૈયદે આરંભવા ચાહ્યું; તેજ કાર્ય, થોડી મુદતનાં સચોટ પ્રયત્નોવડે ઝળકાવવામાં **ના૦ આગાખાન** એકલા હતા!! એમ કહેવામાં સહરાશ્રાત જણાશે નહીં.

શારીરીક બળ, આત્મબળ આગળ, કંઇ વિસાતમાં નથી; એ **ના૦ આગાખાનનાં** જીવન વૃત્તાંતનો [illegible] પુરાવો છે!

લાખો મનુષ્યોના સમૂહનાં અયોગ્ય હુમલા સામે, એકલપણે ટક્કર જીલવી, એ એમનાં વડીલોનોજ **વારસો ના૦ આગાખાન** ધરાવે છે.

ફતેહ કે હાર એ બેઉ શબ્દોનો લક્ષ્યાર્થ, જેમના માટે એ શબ્દ કાઢી બતાવવા શબ્દકોષ અશક્ત છે.

પોલીટીકલપણાનું જીવન, એમના ચાતુર્ય પર ફીદા છે!

દુરંદેશીપણાંને, પોતાને સદ્ ઉપયોગ થવાનો એમની સહાયથીજ સમજાય છે.

**પક્ષપાત!** હમેશાં સત્યતાથી ભરપુર છે–અસત્ય અને આડંબર જેમનાં તેજસ્વીપણા આગળ ટકી શકતાં નથી; એવા **ના૦ આગાખાનનાં** સદગુણો આજે **હીંદ, બ્રિટન** અને **જરમન** જીગરમાં સમજાઇ ચુકયા છે.

હિન્દની પ્રજાની ઐકયતાનો પાયો જે રીતે **ના૦ આગાખાને** નાંખ્યો, તે રીત, તેમની પૂર્વેના હિન્દનાં ખેરખાહોને પણ સૂઝી નહોતી. ત્યારે સહવાસ છતાં હીંદ માતાના સપુત **મી૦** ગોખલેને તે સમજવા માટે જાગૃતપણે એમના રૂબરૂ જઈ પાઠ લેવો પડયો. આજે એજ ઉદ્ગારો કે જે અશક્ત લાગતા, તે તેજ પ્રમાણે સશક્ત લાગે છે! ઉન્નતિનાં કાર્યનું કેન્દ્રસ્થાન **ના૦ આગાખાને** જે બતાવ્યું, તે અપૂર્વ અને સહેલું હોવા સાથે પરીણામે પહોંચાડનારૂં દેખાયું!!!

**સત્તા** અને **પ્રજા** બેઉના મધ્યમાં બેઉની ભલાઈ દર્શક માર્ગ **ના૦** આગાખાને પોતાના **મક્કમ** વિચારોમાં જે પૂર્વે ઉચાર્યો, તેજ વર્તમાન સમયે ગમ્યો–અખ્તીયાર કરવો પડયો!

એ નામદારની **"જરમન–બ્રીટન વોરમાં" બ્રીટન** પક્ષ તરફની દેખાતી ખુશામતીનું ઝૌહર **"ઇંડીયા ઈન

· ટ્રાન્ઝીશન" નામનું હીંદ અને બ્રીટનનાં કરોડોની પ્રજાના તરક્કીનાં પાઠો શીખાવનાર ગ્રંથમાં ઝળકી રહ્યું!!!

**તુરકસ્તાન**નાં ઇસ્લામી ખલીફાતનાં યંગ (યુવક) **રાજતંત્રને** આઠ વરસ પહેલાં કરેલી નસીહતોપર લક્ષ નહીં આપતાં, આજે એ રાજસત્તાનાં અંત સમે થઇ પડેલ સ્થિતિ, ઠપકાપાત્ર દેખાઇ!

યુકતીયુકત રાજતંત્રમાં "**ખાત્રી**" એવા શબ્દો ના૦ આગાખાનનાંજ પરીણામરૂપ થઇ પડયા છે.

મક્કમતા, નિડરપણું, હીંમત અને વફાદારીની વ્યાખ્યા, ના૦ આગાખાને જે રીતે પ્રસંગોપાત પોતાના વર્તનવડે દેખાડી છે, તેનાં દ્રષ્ટાંતોજ નવાં સિદ્ધાંતો ઉત્પન્ન કરનારાં છે.

નામદાર આગાખાન સાહેબ માટેના બ્રીટનનાં કાવ્યો ઉદ્‌ગાર હીંદ જેવી પોતાની માત્રભુમિના સ્વરાજ્ય માટેની પ્રત્યક્ષ કોશેશ, હીંદ પ્રજાને મુબારકી લેવા સમાન છે. એવા ના૦ આગાખાનની યાદગાર **હીલચાલ** અને **ભાષણો**ની નોંધ ટુંક જીવનચરિત્ર તરીકે—ઇંગ્લીશમાં—પ્રગટ કરનાર મદ્રાસની નેટેસન કું. નાં બીજા જીવનચરિત્રોની હારમાળાને દીપાવનાર અમને શુદ્ધ ભાવે લાગવાથી– **ધી ઇસમાઇલી સાહિત્ય** ઉત્તેજક મંડળ તરફથી આ ગુજરાતી ભાષાંન્તર કરાવવાનુ પસંદ કર્યું છે.

# નામદાર સરકાર આગાખાન
## અને
# તેમના વંશજો.

હીઝ હાઇનેસ **સર સુલતાન મહમદ શાહ**, હાલના નામદાર આગાખાનનો શુભ જન્મ કરાંચી શહેરમાં સને ૧૮૭૭ ના નવેમ્બરની બીજી તારીખે થયો હતો. તેઓશ્રી ઇરાનના એક નામાંકિત શીઆ કુટુંબમાંના છે અને સૈયદ તરીકે અરબસ્તાનના નબી સાહેબ હઝરત મહમદ (સ. વ.) ના વંશમાંના છે એમ બતાવી શકાય છે; અને મીસર દેશના બની ફાતમાઈ ખલીફાઓ સાથે કે જેમની ઉચ્ચ કેળવણી અને સારા સંસ્કાર ઉપર તે દેશની જાહોજલાલી અને કીર્તિમાં મોટા ભાગનો આધાર હતો. તેમના કુટુંબી હોવાનો હક્ક ધરાવે છે. પણ આ ગયા જમાનાની બાબત માટે તરદી ન લેવી એજ સારૂં છે. એટલુંજ બસ છે જે, નામદાર આગાખાનના કુટુંબનો ૧૯ મી સદી અને તે પછીની તવારીખનો સંક્ષિપ્ત ખ્યાલ લઇએ. કારણ કે હાલના નામદાર આગાખાનની હિન્દુસ્તાનમાં તેમની પદવી અને માન સાથે એ બાબતનો ખાસ સંબંધ છે.

## નામદારના મોટા દાદા. (પ્રપીતા.)

હજુર શ્રી આગા **ખલીલુલ્લાખાન,** હાલના ના૦ આગાખાનના મોટા દાદા, તેઓશ્રી ઈરાનના બાદશાહ ફતેહઅલી શાહના વખતમાં ઈસ્માઈલીઓના ધર્મગુરૂ તરીકે પ્રખ્યાત હતા. ઈસ્માઈલી શીઆઓના ધર્મગુરૂ તરીકે તેમની ધર્મ સંબંધે શું શું માન્યતાઓ અને રૂઢીઓ હતી એ બાબત ઉપર વિવેચન કરવું એ આ જગ્યાએ જરૂરનું નથી. પણ આ બાબત ઉપર ધ્યાન રાખવું જોઇએ જે, હજુર શ્રી આગા **ખલીલુલ્લાખાન, ફતેહઅલી** બાદશાહના દરબારમાં એક ઉંચ્ચ પદવી ધરાવતા હતા, અને કેરમાનના હાકેમ હતા. એ ધર્માંધ આદમીના હાથે તેમની વફાત થઈ* બાદ તેમના શાહઝાદા હજુર શ્રી આગા હસનઅલીશાહ ધર્મ ગાદીએ આવ્યા, અને તેમના પીતાશ્રી કે જેઓમાં એક મહાન રાજ્યકર્તા અને લડાયકના ગુણો કરતાં સંતના ગુણો વધારે હતા, તેમના કરતાં તેઓ (હસનઅલી શાહ) આપણા હિંદુસ્તાનમાં વધારે જાણીતા છે.

---

* હઝરત ખલીલુલ્લાહ શાહના ખુનથી નામદાર આગા હસનઅલી શાહને ઘણું લાગી આવ્યું, તેથી દુશ્મનો પાસેથી જવાબ લેવાની તેઓએ વેતરણ કરી તેની જાણ ફતેહઅલી શાહને થતાં શાહે આગા હસનઅલી શાહને શાન્ત કરવા માટે પોતાની દુ:ખતર નેક-અખતર સાથે વીવાહ કરી આપીને ખુનીઓને પુરતી સજા આપી ફાંસીએ લટકાવી મારી નાંખ્યાં.

## નામદાર આગાખાનના દાદા.

ફતેહઅલી શાહ, હુ૦ આગા હસનઅલીશાહને ઓળખતા હતા અને તેથી તેમને મેહલાતી અને કુમ નામના મહત્વના પ્રાંતોનો રાજ્યવહીવટ સોંપ્યો. તેઓ એક બાહોશ રાજ્યકર્તા હતા, અને જ્યાં સુધી ફતેહઅલી શાહ ગાદી ઉપર રહ્યા, ત્યાં સુધી તેઓ દેશમાં કર્તાહર્તા હતા; પણ ઇ૦ સ૦ ૧૮૩૪ માં શાહ ફતેહઅલીની વફાત થવાથી, તેમની સત્તામાં ફેરફાર થયો. અને ગાદીએ આવવા માટે ભાઇ ભાઈમાં લડાઇ જાગી, ત્યારે તે જોઈ આગા હસનઅલી શાહ ચુપ બેસી ન રહ્યા. મરહુમ બાદશાહના મોટા કુંવર ઝીલુસ્સુલતાન સામે થઇને શાહના પૌત્ર મહમદશાહની મદદે ગયા, ઝીલુસ્સુલતાને, પોતાના બીજા ભાઇઓ માફક હાર ખાધી અને તેથી મહમદશાહ ગાદીએ આવ્યા. આવી રીતે મળેલી સત્તામાં, હઝરત આગાશાહનો મોટો ભાગ હતો. તેઓને લશ્કરની સરદારી મળી, પછી તેમને ફતેહઅલી શાહના એક દીકરા કે જે કેરમાનના વડા હાકેમ હતા તેમની સામે મોકલવામાં આવ્યા, અને જે જગ્યામાં ખુદ આગાશાહના પીતાશ્રી થોડો વખત રાજ્ય કરતા હતા, ત્યાં દુર્ભાગી શાહજાદાને કેદ કરવામાં આવ્યો, અને ઘણું અપમાન પામ્યા પછી તેમની આંખે સીસમ ફેરવવામાં આવ્યાં.

થોડા વખત સુધી આગા હસનઅલી શાહ ઘણા સારા સંજોગોમાં રહ્યા. પણ દેશની રાજ્યદ્વારી સ્થિતિમાં એક-

દમ ગોટાળો થવાથી તેમને પોતાને ગાદીએ બેસાડેલા બાદશાહ સામે હથીયાર ગ્રહણ કરવા પડ્યા. પણ બાદશાહનું બળ ઘણું હોવાથી આગા શાહને કેદ કર્યા. થોડી મુદતમાં તેમને માફી મળી અને મુક્ત કરવામાં આવ્યા. પણ તેમને વાસ્તે રાજ્યદ્વારી મામલો ઘણોજ ગંભીર હોવાથી, તેમને વળી પાછા શાહ સામે હથીયાર લેવા પડયા. આ વખતે તેમનાથી કંઈ બની શકયું નહીં, પ્રતિકૂળ સત્તાવાળાનું જોર પણ ઘણું જોઇને તેમને ઘણીજ નીરાશામાં માતૃભૂમિ છોડવી પડી. જંગ ચાલુ રાખવાનું કામ પોતાના નાના ભાઇને સોંપીને, પોતે અફઘાનીસ્તાનમાં રસ્તો મેળવીને સીંધમાં આવ્યા, જ્યાં પોતાના ઇસમાઇલી અનુયાયીઓ તરફથી, તેમને શુદ્ધ અંતઃકરણથી ઘણો આવકાર મળ્યો.

હીંમત હારી ગયેલ હોવા છતાં, આ બઝુર્ગ સૈનિકને ઇરાન પાછા જવાના અને ગુમાવેલી સત્તા હાથ કરવાના ખ્યાલ આવતા હતા. તેમના અનુયાયીઓએ જોઇતી આર્થિક મદદ કરી, પણ તે બધાનું પરિણામ દીલગીરી ભરેલી નિષ્ફળતામાં આવ્યું. તોપણ તેમનો લડાયક સ્વભાવ ખામોશ રહે તેમ નહોતો. એ સ્વભાવને બીજી દિશાઓમાં દોર્યો. તેઓએ સીંધના અમીરોને હરાવવામાં, સર ચાર્લ્સને મદદ કરી, અને ઇ૦ સ૦ ૧૮૩૯–૪૦ માં અફઘાનીસ્તાન સામે લડાઇમાં, ઇસ્ટ ઇન્ડીયા કંપનીને ઘણા મદદરૂપ થઇ પડ્યા હતા. આ સેવા બજાવવા વાસ્તે, બ્રિટીશ સરકારે એક સારૂં વર્ષાશન કરી આપ્યું, અને

તેમને વંશપરંપરાનો 'હીઝ હાઇનેસ' નો ઇલ્કાબ આપ-વામાં આવ્યો. ઇ૦ સ૦ ૧૮૪૫ માં તેઓ મુંબઇ આવ્યા, જ્યાં તેમના ખોજા શિષ્યોએ હર્ષભરેલો આવકાર આપ્યો. આ પછી ઇરાનના કીનારાપરના બનપોર નામના પ્રાંતમાં રહેવાનો પ્રયત્ન કર્યો; પણ ઇરાનના રાજ્યના સંદેશાથી તેઓને ત્યાંથી નીકળીને કલકત્તે રહેવાનું રાખવું પડ્યું. તેઓ શ્રી ત્યાં થોડી મુદત રહ્યા, અને બાકીના દિવસો બેંગલોર યા મુંબઇમાં ગાળતા. તેઓશ્રીની વફાત ઇ૦ સ૦ ૧૮૮૧ માં થઇ, અને તેમની પછી તેમના મોટા શાહઝાદા, આગા **અલીશાહ** જેઓ આપણા હાલના નામદાર આગાખાન સાહેબના પીતાશ્રી હતા, તેમની વફાત પણ ઇ૦ સ૦ ૧૮૮૫ માં થઇ.

## હાલના નામદાર આગાખાન.

કુંવર તરીકે નામદાર આગાખાનની અવસ્થા ફક્ત દસ વર્ષની હતી કે જ્યારે તેઓશ્રીના પીતા વફાત પામ્યા, અને તેથી પોતાની કુમળી વયમાં વંશપરંપરાથી ચાલતી આવેલી જવાબદારીના બોજને પોતાના શીરપર આવી પડ્યો. તોપણ નામદાર આગાખાન પોતે કહે છે તેમ–

"તે સંયોગોમાં એક સુશીલ અને વિચારશીલ માતાના હાથતળે પરવરીશ થવાનો ઘણોજ મહ-ત્વનો અને અમુલ્ય લાભ મને મળ્યો હતો. અને એ માતા જગમાં મશહુર એવા નિઝામુદ–દોલ્લા કે જેમણે પોતાના દિવસો ગોશાનશીનમાં બેસીને

ઇબાદતમાં ગાળવા માટે, ઇરાનની કચેરીના રાજ-વૈભવ તજી દીધા હતા. તેમના પુત્રી હતા; અને મારા પીતાની દેખરેખ નીચે શરૂ થયેલ કેળવણી મારે જારી રાખવી, તે બાબતમાં તેઓ ઘણી સંભાળ રાખતા.”

તેઓને જ્યારે અરબી અને ફારસી સાહિત્ય તથા તવારીખનું જ્ઞાન મળી ચુક્યું ત્યાર બાદ, તેઓ ઘણા બાહોશ અંગ્રેજ શિક્ષકોના હાથતળે પાશ્ચાત્ય રૂઢી પ્રમાણે ઉંચ્ચ કેળવણી લેવાને શકિતમાન થયા હતા, કેળવણીની શારીરિક બાજુ તરફ પણ ધ્યાન આપવામાં આવ્યું હતું, અને મેદાનની રમતો વાસ્તે ઘણોજ શોખ હાંશલ કરીને, ના૰ આગાખાન મોટા થયા. તેઓ પોતે કહે છે કે—

“મારા દાદાનો સ્વારી માટે જે શોખ હતો, તે મને વારસામાં મળ્યો છે, એટલુંજ નહીં પણ તે ઉપરાંત મેદાનની રમતો માટે તીવ્ર આનંદ લેવાનો ઉમેરો થયો છે. આપણા મશહુર ક્રીકેટના ખેલાડી ગવરનર સાહેબ લૉર્ડ હીરીસે આ શોખમાં ઘણોજ વધારો કર્યો છે, અને તેઓ તરફથી તેમજ તેમના તરતજ આગળ તથા પાછળ આવનાર ગવર્નર સાહેબ તરફથી પણ મને અહર્નિશ માયા અને પ્રેમ મળેલા છે. હું ગૉલ્ફ હૉકીનો ખાસ શોખ ધરાવું છું, અને પાછળની બીજી

રમત હીંદુસ્તાનમાં ફેલાવવા વાસ્તે જે યત્કિંચિત પ્રયત્ન કર્યો છે તેને વાસ્તે મને ખુશી થાય છે, અને જે કંઈ કર્યું છે તે એ છે જે, દર વરસે ઈનામના બે પ્યાલાઓ આપવામાં આવે છે, અને તેમાનો એક નિશાળીયાઓને અપાય છે, અને બીજો સીવીલ (નીઝામી) અને મીલીટરી (લશ્કરી) ટીમોને અપાય છે, ગૉલ્ફ એ ક્રિશ્ચિયનોની વ્હાલી રમત છે અને તેથી તેને બીજી ઉશ્કેરણીની (મદદની) જરૂર નથી."

ઉપર મુજબની કેળવણી લઈને, બાનુ અલીશાહ સાહેબની સતત સંભાળ નીચે પોતે મોટા થયા.

નામદાર આગખાન સર સુલતાન મહમદ શાહ પોતાની નાની વયથીજ, પોતાના અનુયાયીઓ એટલે ખોજાઓની ઉન્નતિ કરવામાં એક તીવ્ર આનંદ લેવા લાગ્યા. આ લોકોએ અગાઉ ઈસ્લામ કબુલ કર્યો હતો. તેઓ શીયા ધર્મના ઈસ્માઈલી ફીરકાના અનુયાયીઓ છે એમ માનતા આવ્યા છે, અને આ ફીરકાના ધર્મગુરૂની પદવી માટે નામદાર આગાખાન અસ્લાફ (વંસજો) હક્ક ધરાવતા આવ્યા છે. જેવી રીતે રોમન કૅથોલીકમા પોપ મનાય છે, તેવીજ રીતે તેઓને માન આપવામાં આવે છે. આ અનુયાયીઓમાં કેટલાક લોકો તો આથી પણ વધારે માન આપે છે, અને નામદાર આગાખાનને સાક્ષાત ઈશ્વર માને છે, આ લોકો પોતાની ઉપજનો અમુક ભાગ, કે જેને

ઝકાત કહેવામાં આવે છે તે નામદારને ચરણે ભેટ મુકે છે. આવી રીતે તેઓ નામદારને ઉપજનો મોટો ભાગ આવે છે, અને તે મદદ તેઓ નામદાર પોતના લોકોના ભલા માટે ઘણી તજવીજ કરે છે. એમ કહેવાય છે કે, તેઓ પોતાના લોકોની કેળવણીની અને બીજી ચીજોની જરૂરીઆતો પુરી પાડવામાં પોતાની આવકનો મોટો ભાગ ખર્ચે છે. તેઓની ધાર્મિક સત્તા અને સંભાળ ફક્ત ખોજાઓ પ્રત્યે છે, એટલુંજ નહી પણ બીજા ઇસ્માઇલીઓ પર પણ છે, કે જેઓ એશિયા અને આફ્રિકાના જુદા જુદા ભાગોમાં રહે છે. જોકે એશિયા ખંડના મધ્ય ભાગમા વસ્તા પોતાના અનુયાયીઓને જાતે જઇને મળવાની તક તેઓ નામદારને મળી નથી તોપણ તેઓ પોતાના શિષ્યોને મળવા વાસ્તે હિંદુસ્તાનમાંજ નહિ પણ ઇરાની અખાતને કિનારે, અરબસ્તાનમાં, આફ્રિકાના પૂર્વ કિનારે અને બીજી જગ્યાઓએ પણ અવારનવાર મુસાફરી કરે છે. લોકોની ઉદ્યોગિક અને વ્યાપારિક ઉન્નતિ વાસ્તે પોતે સતત કોશીશ લેવાને પ્રયત્ન કર્યા છે. તેઓના શિષ્યો તેમને બચપણથીજ ચાહતા આવ્યા છે, તેઓ હાલના હુકમો જેટલી ખુશી અને ઉત્સાહથી બજાવી લાવે છે, તેટલીજ ખુશી અને ઉત્સાહથી તેઓ નામદારની જુવાની વખતના હુકમો પણ આ લોકો બજાવી લાવતા હતા. ઇ૦ સ૦ ૧૮૯૩ માં જ્યારે મુંબઇમાં હિંદુ મુસલમાન હુલ્લડ થયું હતું, ત્યારે પણ તે નામદારે પોતાના શિષ્યોને હુલ્લડમાં સામીલ થવા દીધા ન હતા ઇ૦ સ૦ ૧૮૯૭ માં

જ્યારે મુંબઈ ઇલાકામાં દુષ્કાળ તથા પ્લેગ ફાટી નીકળ્યો હતો, ત્યારે તે નામદાર તેઓને ઘણા મદદરૂપી થઈ પડયા હતા. આટલી નાની ઉંમરે પણ પોતાના આશ્રિત લોકો તરફની તેમની દીલસોજીની પૂર્ણ ખાત્રી બતાવી આપી હતી. તેઓનું તમામ ધ્યાન ફક્ત ખોજા અનુયાયીઓ તરફ વળેલું હતું, એટલુંજ નહીં પણ તેઓની મોહક વ્યક્તિ અને રમણીય આદાબો તેઓના હક્કમાં ઘણા મદદરૂપી નીવડયા, અને મુંબઇની તમામ મુસલમાન પ્રજાના મન ઉપર પોતાની છાપ પાડવામાં તેઓ નામદાર સફળ નીવડયા. મુસલમાનોમાં તેમનું માન એટલે બધે દરજ્જે હતું કે, વિકટોરીયા રાણીની ડાયમંડ જુબીલી વખતે, તેઓને માનપત્ર સાથ સીમલે મોકલવામાં આવ્યા હતા, અને લોર્ડ એલ્ગીનના હાથે ભર કચેરીમાં તેનો સ્વીકાર કરવામાં આવ્યો હતો.

## નામદારની યુરોપમાં પહેલી મુસાફરી.

આ પછી તરતજ તેઓ નામદાર ઇંગલાંડની મુસાફરીએ સીધાવ્યા, લંડન શહેરના મહાન વીદ્વાનોના તથા રાજદ્વારીઓના મંડળો કે જે તેમને બીલકુલ નવા લાગ્યા, તેમની સાથે બીલકુલ ગુંચવણમાં પડયા નહીં, તેમને ઘેર મેળવેલી કેળવણી આ વખતે ઘણી કામ લાગી. ઇંગલાંડમાં યાતો યુરોપમાં જયાં જયાં જતા, ત્યાં ત્યાં લોકોના તરફથી તેઓ ઘણુંજ માન મેળવતા અને વીકટોરીયા મહારાણીની ઘણી વખત ખાનગી મુલાકાતો લેતા અને વિન્ડસર કૅસલનો મહેલમાં ખાવાનો તથા આરામ લેવાના

આમંત્રણો વખતોવખત તેઓને મળતા. હજુ તો તેઓ ઇંગલાંડમાં હતા, ત્યારેજ તેમને કે. સી. આઈ. ઇ. નો માનવંતો ઇલ્કાબ મુંબઈમાં પ્લેગ વખતે કરેલી ખીદમત વાસ્તે આપવામાં આવ્યો હતો.

યુરોપની પહેલી મુસાફરીથી તેમને વાસ્તે અનુભવનું એક મહાન ક્ષેત્ર ખુલ્લું મુકાયું પ્રાશ્ચાત્ય પ્રજાઓના સંસાર અને બંધારણથી તેમના મન ઉપર ઘણી અસર થઈ. તે વખત પછીથી ત્યાંના લોકો વિષે વધારેને વધારે જ્ઞાન મેળવવાની, તથા તેમની સાથે હળવા મળવાની એક ટેવ તે નામદારમાં પડી ગઇ છે. અને જન સમૂહમાં તેમના મહાન રૂતબા અને આબરૂ વડે તથા પ્રિય અને સુશીલ આદાબ વડે યુરોપમાં ઉચ્ચ કુટુંબોમાં હળવા-મળવાને શકિતમાન થયા છે. યુરોપના ઘણા રાજ્ય કુટું-બો સાથે તેઓ દોસ્તીનો હક ધરાવે છે, અને તેઓ તર-ફથી તે નામદારને ઘણુંજ માન મળેલું છે. જેમાં જરમન કયસર તરફથી પણ તેમને માન મળેલું હતું અને તે માન હાલની લડાઈ શરૂ થતા તે નામદારે પાછું મોક-લાવી દીધું છે.

## મુસ્લીમ યુનીવર્સીટી.

રાજ્યસત્તાવાળા સાથે નામદારની અસાધારણ અને દિવસે દિવસે વધતી જતી વગને લીધે અલીગઢ સ્કુલના વહીવટ કર્તાઓ સાથે અને નવાબ મોહશીનુલ-મુલ્ક સાથે તેઓ પ્રિય થઇ પડયા હતા. નવાબ મોહશીનુલ-મુલ્ક

એ એક ઘણાજ ચાલાક માણસ હતા. જ્યારે તેઓ સર સૈયદ એહમદની જગ્યાએ આવ્યા ત્યારે અલીગઢ કોલેજની આર્થિક સ્થિતિ એક કટાકટીના સમયમાં હતી. જે ઉદ્દેશો વાસ્તે અલીગઢ કોલેજ સ્થપાઇ હતી તે ઉદ્દેશો જોખમમાં આવી પડયા હતા. તેથી મોહશીનુલ-મુલ્ક પોતાથી બનતા બધા ઉપાયો લઇને અલીગઢ કોલેજને નવા બંધારણ ઉપર મુકવા વાસ્તે સતત મહેનત કરતા હતા. મુસ્લીમ એજ્યુકેશનલ કોન્ફરન્સ તેમને ઘણી સહાયક થઇ પડી; અને બધા જરૂરી પ્રસંગો વખતે, આ કોન્ફરન્સ તેને મદદ કરતી. અને જ્યારે આ કોન્ફરન્સ રાજ્યધાનીના શહેર દીલ્લીમાં ૧૯૦૩ ના રાજ્યાભિષેકના દરબાર વખતે ત્યાં મળવાની હતી, ત્યારે મોહશીનુલ-મુલ્કની નજર તે યુવાન નામદારશ્રી તરફ ગઇ, અને તેમને પ્રમુખસ્થાન લેવાનો સ્વીકાર કરવાને આમંત્રણ કર્યું."

આ સાલની કોન્ફરન્સની બેઠક એક ઘણાજ મુબારક વખતે થઇ હતી. ત્યાં દરબાર ભરવાનો હોવાથી, તમામ હિંદુસ્થાનના ઘણા ખરા નવાબો તથા નામાંકિત પુરૂષો, આ કોન્ફરન્સમાં ભાગ લેવાને શકિતમાન થયા હતા. અને મહુંમ લોર્ડ કિચનર, (હિંદ સેનાપતી) લોર્ડ નોર્થ કોટ (તે વખતના મુંબઇના ગવર્નર સાહેબ) અને બીજા મહત્વના અંગ્રેજ અધિકારીઓએ પણ હાજરી આપી હતી. તે વખતનું નામદારશ્રીનું પ્રમુખ તરીકેનું ભાષણ ઘણુંજ સરસ હતું. આ નામદાર યુવકે પ્રમુખ સ્થાનેથી અત્યંત છટાદાર ભાષામાં અને આવેશ ભરેલી

રીતે પોતાના સહધર્મિઓ કેવી અધમ સ્થિતિમાં આવી પડેલા છે, તે તરફ તેઓનું લક્ષ ખેચ્યું હતું. જે લોકોએ યુરોપના મધ્ય ભાગમાં જ્ઞાનનો દિપક પ્રગટાવ્યો હતો, અને કાર્ડોવા તથા બગદાદના પ્રખ્યાત મદ્રેસાઓનો પાયો નાખ્યો હતો, તે લોકોનાજ ફરજંદો આજ અજ્ઞાનના તિમીરમાં ડુબ્યા પડેલા છે. એ સુસ્તી અને બેદરકારીમાં થી હોશિયાર થવાને તેઓએ ઘણીજ તાકીદ કરી હતી, અને માનપુર્વક જીંદગી ગુજારવા વાસ્તે, અલીગઢના મહાત્માઓને એક જુદીજ યુનીવર્સીટી સ્થાપવાનો આદર્શ જલદી પાર પાડવાની જરૂર તેમણે બતાવી હતી. તે ઉંચ આદર્શ એ હતોકે:—

"આપણા લોકો વાસ્તે જ્ઞાનનો અને સદ્ગુણનો ભંડાર પેદા કરવો; વિચારો અને શુદ્ધ આદર્શનું ઘર થઈ પડે એવું શહેર બાંધવું; અને એવું મધ્યસ્થાન સ્થાપવું કે, જ્યાંથી હિંદુસ્થાનનાં તેમજ હિંદુસ્થાન બહારના મુસલમાનોમાં પ્રકાશ અને સદ્માર્ગનો ફેલાવો થાય; ત્યાં તે સ્થાન આપણા પ્રિય ધર્મના ન્યાય, સદગુણ અને પવિત્રતાનું ઉમદા દ્રષ્ટાંત બતાવવાને વાસ્તે આખી દુનીયાના લોકોને દર્પણ રૂપી થઈ પડે.

આપણા લોકો અત્યંત અધમ સ્થિતિમાં આવી પડયા છે. આ પડતી ઘણા કારણોને લીધે થઈ છે. મુસલમાન કોમના બુદ્ધિ અને ચારિત્ર

એવી ખેદજનક અધોગતિએ આવી પડયા તેના કારણો એ હતા જે:—

અણબારાી વંશનું નઠારૂં દ્રષ્ટાંત અને સ્વાર્થ જેને અંગે રાજદ્વારી અને ધાર્મીક બાબતોમાં મતભેદ પડ્યા, હાલનો પરદો રાખવાનો હાનીકારક રીવાજ જે સ્રીઓની માનસીક ખીલવણીને બાધકર્તા છે; ઈબાદત અને બંદગી કરવા વાસ્તે બધા ધાર્મીક અને પવિત્ર મુસલમાનોનું સંસારથી વીમુખ થઇને એકાંતમાં કાયમ રહેવાનું કામ, અને ભાગ્યમાં લખ્યું હશે તેમ થવાની તેમની માન્યતા. આવી રીતે થતી જતી અધોગતિ અટકાવવાને અને ઈસ્લામના જીર્ણોદ્ધાર કરવાને, તેઓએ એક કરોડ રૂપીયાની માંગણી કરી કે જે પૈસાવડે એક યુનીવરસીટી ચલાવી શકાયઃ—

એવી યુનીવરસીટી જેમાં મુસલમાન યુવકોને અર્વાચીન સાયન્સના જ્ઞાન ઉપરાંત, તેઓની ગત જાહોજલાલીનું અને ધર્મનું પણ જ્ઞાન મળે; જે જગ્યા એક વિશાળ બોર્ડીંગ હાઉસના રૂપમાં હોઇને તે જગ્યામાં ઑકસફર્ડ માફક પરીક્ષાઓ કરતાં વધારે ધ્યાન ચારિત્ર ખીલવવા વાસ્તે દેવામાં આવે; આવિ યુનીવરસીટી આપણી ઝાંખી પડી ગએલી જાહોજલાલીને પાછી અસલી હાલતમાં

લાવશે. આ ઉપાયથી રામબાણ તાસીરનો જરા પણ શક નથી. પણ તે વાસ્તે કરવી જોઇતી તૈયારીઓ વિષે ખાસ શક રહે છે. આવી યુનીવરસીટી ફકત સ્થાપના કરવા માટે શું હાલના મુસલમાનો કંઈપણ મહેનત લેશે? ઇસ્લામના ભલા વાસ્તે સ્વાર્થ તજીને ઉદાર અંતઃકરણપૂર્વક સેવા બજાવી લાવવાની અગાઉના મુસલમાનોની જે ખાસ આદત હતી, શું તે આદત આપણામાંથી એટલે દરજ્જે નાબુદ થઈ છે કે, આવા મહત્વના કામ વાસ્તે આપણી દોલતનો કંઈ પણ ભાગ આપણે બચાવી ન શકીયે? આપણને ખાત્રી છે કે, આવી યુનીવરસીટી સ્થાપવાથી ઇસ્લામની વધતી જતી અધોગતિને અટકાવીશું, અને આવા કામ વાસ્તે જોઇતા ભોગો આપવાને જો આપણે તૈયાર ન હોઇએ તો શું હું એમ ન ધરૂં કે ઇસ્લામ ધર્મની હસ્તી રહે યા ન રહે તે વાસ્તે આપણે કંઈ દરકાર કરતા નથી?"

છેવટે તેઓએ સખત ટીકા કરી હતી કેઃ—

"જો કે આપણો આ આદર્શ પુરો પાર ન પડે તો, તેમ થવાનું પહેલું કારણ એજ કહેવાય કે; આપણી અંદર રહેલ સ્વાર્થરૂપી શેતાન, પરમાર્થરૂપી ફીરસ્તાને (ગળી ગયો) હજમ કરી

ગયો; અને બીજું એ જે, આપણા ધર્મ અને આપણા પ્યારા નબી સાહેબ વાસ્તે આપણે પૂજ્ય-ભાવ રાખીએ છીએ, પણ તે માત્ર જીભનીજ વફાદારી કહેવાશે, કેમકે નામાંકિત ઈસ્લામ ધર્મને, તેની ગઈ જાહોજલાલીવાળી સ્થિતિમાં પાછો લાવવા માટે, આવો નાનો સરખો ભોગ પણ આપણે ન આપી શકીએ?"

ઇલાહદી મુસલમાન યુનીવરસીટી કરવાની માંગણી, હિંદુસ્થાનની ગેરમુસલમાન પ્રજાને પસંદ પડી નહીં. એમ દલીલ કરવામાં આવી હતી કે, મુસલમાનો જાણી જોઇને અને વિચારપૂર્વક એક નુકસાનકારક અલગપણાની સ્થિતિમાં તણાઇ જવા માગતા હતા અને જેનો છેવટનો અંજામ દેશના હિતને ઘણોજ હાનિકારક નિવડશે. તેઓનો એમ ખ્યાલ હતો કે હાલની યુનીવરસીટીયો, હિંદના યુવકોને જોઇએ તેવી ઉંચ્ચ કેળવણી આપવાને બરાબર શકિતમાન છે; અને ધર્મના પાયા ઉપર જ્ઞાન આપવા વાસ્તે એક જુદુંજ સ્થળ બાંધવા વાસ્તેનો યત્ન બીનજરૂરી હતો. એટલુંજ નહીં, પણ હિંદની વધતી જતી ઐકયતાને બંધનકર્તા નિવડશે. મુસલમાન પ્રજાના વકતા તરીકે ના૦ આગાખાને આવી જાતની દલીલો વાસ્તે એક સજ્જડ જવાબ આપ્યો હતો. સને ૧૯૦૩ ના ડીસેમ્બર માસમાં મુંબઈમાં ભરવામાં આવેલી ઓલ ઇન્ડિયા મોહમેદન એજ્યુકેશનલ કોન્ફરન્સની રીસેપ્શન કમીટીના પ્રમુખ તરીકે તેમને કહેવું પડયું હતું કેઃ—

"જો ભણુતરનેજ આપણે કેળવણી ગણીયે અને પરીક્ષામાં પાસ થવાની શકિતને જ્ઞાન ગણીયે તો, એ આપણું મ્હોટામાં મ્હોટું કમનસીબ ગણાશે, અને આજ કારણને લીધે અમો ગવર્નમેંટ જે યુનીવરસીટીઓનો સુધારો કરવા ધારે છે તે સુધારાને વધાવી લઈએ છીએ. આજ કારણ છે કે દુરઅંદેશ મુસલમાનો એવી યુનીવરસીટી માગે છે કે જ્યાં જ્ઞાનની પદવી ઘણીજ ઉચ્ચ હોય અને જ્યાં સાયન્સની કેળવણી સાથે એવી અધ્યાત્મિક કેળવણી આપવામાં આવે કે, જેથી સત્ય અને અસત્ય વચ્ચે કાયમ રહેલો જે ભેદ છે તે ભેદ જાણી શકાય. અને આ ભેદ જાણવો એજ કેળવણીનું ખરૂં રહસ્ય છે. આપણામાંના ઘણાને ખેદ થતો હશે કે, હિંદની યુનીવરસીટીઓમાં જ્ઞાન અને ધર્મ વચ્ચે બીલકુલ છુટાપણું રાખવામાં આવ્યું છે, અને જેનું પરિણામ (કાને કહેતાં બ્હીક લાગે છે કે) ખાસ કરીને મુસલમાનોના હકકપર નુકસાનકર્તા નિવડશે. સદ્‌ગૃહસ્થો, હું ધારૂં છું કે, ઘણા મુસલમાનો બનારસની હિંદુ-યુનીવરસીટીને વધાવી લેશે, તેમજ મદ્રાસ અને બેંગલોરની યુનીવરસીટીયો પણ વધાવી લેવામાં આવશે. પણ એ સ્પષ્ટ છે કે તેઓને

હિંદુ વાતાવરણવાળી યુનીવરસીટી વાસ્તે જરા પણ ઈચ્છા ન હોય અને તેજ કારણથી આપણને અલીગઢમાં આખા હિંદમાં શાખા–શાળાઓ હોય તેવી યુનીવરસીટી બાંધવાની ના પાડવી એ બેહુદી વાત છે. એક સંચા માફક અનુકરણ કરીને યુરોપીઅનનો નમુનો બનવામાં આપણી વ્યકિત ગુમ ન થઈ જાય. તે વાસ્તે મધ્યસ્થાનવાળી યુનીવરસીટીની આપણને જરૂર છે. તેનું બીજું કારણ એ કે, આપણો ઈતિહાસ એવો છે કે જેના ઉદાર સ્વભાવવાળા તથા બહાદુર પાત્રો ઘણા છે, આપણી ગત જાહોજલાલી શૂરવીર ચિત્રોથી એવી તો ભરેલી છે કે. જેમની સાથે નજીકના પરિચય અને સંબંધમાં આવવાથી આપણા બાળકોને અવશ્ય સુધારશે, અને સ્વાર્થભોગ, સત્યપરાયણતા અને ચારિત્રની સ્વતંત્રતાની જરૂર પછીની સમજણ નાનપણથીજ મળશે. જે સમજણ વિના કેળવણી અને જ્ઞાન કોઈ પણ પ્રજા વાસ્તે નિરર્થક છે.

એમ પણ દલીલ કરી શકાય કે, આવા ઉમદા સ્વભાવના પાત્રો રોમ અને ગ્રીસના ઈતિહાસમાં પણ ઘણા છે; ત્યારે આરબોનો ઈતિહાસ શીખવાની શી જરૂર છે? સત્ય છે, પણ અંગ્રેજો અને

ફ્રેંચ લોકો જેઓ રોમન પ્રજાના વંશના છે, તેઓજ ખરેખર સમજી શકે કે, રોમન ઇતિહાસના મહાન પાત્રો તેમનાજ વડવાઓ હતા. આ દેશના મુસલમાન યુવકો તેમ સમજી નહિં શકે. આપણને તેમાંના ઉમદા પાત્રો કંઈ પણ આકર્ષણ વિના એક દુર દેશની છબીયો માફક ભાષે છે, અને મુસલમાન તવારીખ શૂર પુરૂષોથી (કે જેઓ હાલના મુસલમાનો માફક રહેતા અને વર્તણુંક ચલાવતા) એવી તો ભરેલી છે કે, તેમની સાથે પરિચયમાં આવવાથી ચારિત્ર સુધરશે. માવૈયા અને વલીદ, રાજ્યકળામાં સીઝર અને ઑમસ્ટસથી ઉતરતા નહોતા. યુરોપ અથવા એશિયાની બીજી પ્રજાઓના ઇતિહાસમાં ઉમર અબુ–અબદુલ અઝીઝ, તથા હીસાઝ અબુ–અબદુલ અઝીઝ કરતાં વધારે પવિત્ર મનવાળા બાદશાહો બીજે નહીં મળી શકે ! આવા મહાન પાત્રો સાથે નજીકના સમાગમમાં આવવાથી આપણા યુવકો એટલે આપણા લોકો અવશ્ય સુધરશે. આપણામાં ગ્રેજ્યુએટના ટોળેટોળા છે. પણ તેથી એમ નહીં કહી શકાય કે, તેઓ સ્વાત્મભોગી થશે અને જે રિવાજોથી આપણે પછાત છીએ, એટલુંજ નહીં પણ પડતીમાં છીએ તે હાનીકારક રીવાજોને દુર કરશે. આપણા લોકોના

નુકસાન અને હાનીકારક રીવાજો, સેંકડો વર્ષ થયાં ધાર્મિક ક્રિયાઓ સાથે એવા તો મળી ગયા છે કે, ઘણા ખરા કેળવાયલા મુસલમાનો પણ હઝરત મહમદ (સ વ.)ના હુકમ અને આ રિવાજોમા કંઈ ભેદ જાણી શકતા નથી. ઈસ્લામને ખોટી રીતે આ રિવાજો વાસ્તે જવાબદાર ઠરાવવામાં આવ્યો છે. સદ્‌ગૃહસ્થો, આજ કારણને લીધે હું આપને વિનતિ કરૂં છું કે, તમારા ફરજંદોને કેવી રીતે કેળવવા તે રીતો વિષે વખતસર વિચાર કરશો. આજ કારણને લીધે હું તમોને એ યાદ રાખવા વિનતિ કરૂં છું કે, આપણે મુસ્લીમ અલીગઢ ઑરીએંટલ કેળવણીની કૉન્ફરન્સ વાસ્તેજ એકઠા થયા છીએ પણ માત્ર ભણતરની કૉન્ફરન્સ વાસ્તે એકઠા થયા નથી. આપ સહુને વિનતિ કરૂં છું કે, એક મધ્યસ્થાનવાળી યુનીવરસીટી કે જેની ઈનશાઅલ્લાહ, ઉંચ્ચ આદર્શ અને ઉમદા વિચારોના ઘર તરીકે, ઑકસફર્ડ, લીપઝીક અને પેરીસની યુનીવરસીટી સાથે ગણતરી થાય, અને જ્યાં આપણા યુવાન બાળકોને પાશ્ચાત્ય સાયન્સની સર્વોત્તમ કેળવણી મળે; જ્યાં પાશ્ચાત્ય વિચારોનું શુક માફક જ્ઞાન લેવામાં પૂર્વના સાહિત્ય અને ઇતિહાસનું શિક્ષણ વિસરી જવામાં ન આવે;

જ્યાં આ બધા લાભ ઉપરાંત આપણા બાળકો મુસ્લીમ વાતાવરણમાં ઉછરે-ફરીથી ભાર મુકીને વિનતિ કરૂં છું કે, આવી યુનીવરસીટી સ્થાપવાનુ કામ આપણા હંમેશાં થતા વિવાદમાં ભૂલાવું ન જોઈએ."

જો કે અલીગઢ યુનીવર્સિટી સ્થાપવા વારતેની આ આવેશ ભરેલી વિનતીનું પરિણામ કંઈ તાત્કાલિક તો ન આવ્યું, પણ નામદાર આગાખાનના તેમજ બીજાઓના મનમાં આ બાબતના વિચારો કાયમ ચાલતા હતા, અને જ્યારે સને ૧૯૧૦ માં મોકો આવ્યો, ત્યારે તેઓએ તન મનથી આ કામ હાથ લીધું; અને તેમના "તેજબળ આગેવાનપણા" નીચે ત્રીસ લાખ કરતાં વધારે રૂપીઆ ભરાણા; અને જો કે મુસલમાનો તેમના ઉદ્દેશ પાર પાડવાને ભાગ્યવાન થયા નહી તોપણ પહેલાં કરતા આ ફંડથી મુસલમાનો તેમના ઉદ્દેશની નજીક આવ્યા છે.

## ઇમ્પીરીયલ કાઉન્સીલ.

કોન્ફરન્સમાં પ્રમુખપણું લીધું ત્યારથીજ ના૦ આગાખાન પોતાની જાતી અને તમામ હિંદના ભલા માટે સતત કોશિશ કરવા લાગ્યા. થોડાજ વખતમાં, તેઓ ઇમ્પીરીયલ લેજીસ્લેટીવ કાઉન્સીલના મેમ્બર નીમાયા. જ્યાં તેઓશ્રીએ ઘણું સારૂં કામ કર્યું. ત્યાં તેઓએ ફરજ્યાત પ્રાથમિક કેળવણીનો પક્ષ ખેંચ્યો હતો, અને રજવાડામાં કામ કરતા "ઇમ્પીરીયલ સરવીસ"ના સૈનિ-

કોને સરખા હક્ક આપવાની સ્કીમ રજુ કરી હતી. તેમના લેકચરો નીખાલસ ઉદ્દગારોનાં હતા, જેમાં વિચારની ગંભીરતા અને મધ્યમતા એ બે ખાસ ચિન્હ હતાં; અને સરકારને અને રૈયતને ઘણાજ પસંદ પડયા હતા.

## ઑલ ઇન્ડિયા મોસ્લેમ લીગ.

મુસલમાનો રાજ્યદ્વારી બાબતોમાં પછાત હતા. સર સૈયદ અહમદે રાજ્યદ્વારી બાબતોમાં ન પડવાની કરેલી સુચના હજી સુધી તેમને યાદ આવ્યા કરતી હતી, અને તેથી જ્યારે બીજી કોમો (જ્ઞાતિઓ) રાજ્યદ્વારી બાબતોમાં ઝડપથી આગળ વધતી હતી ત્યારે પણ મુસલમાનો ચુપકીથી બેશી રહ્યા હતા. પણ તે જ્ઞાતિમાં જે લોકો જમાનાની બદલાતી તાસીરને બરાબર સમજતા હતા, તેઓ અગાઉથી જોઇ શકયા કે આવી રીતે મૃત્યુસમ જડતાનું સ્વાભાવિક પરિણામ શું આવશે? તે વખતે લોર્ડ મોર્લીના માયાળુ આગેવાનપણા નિચે, હિંદિ સરકાર ઇન્ડિયન લેજીસ્લેટિવ કાઉન્સિલના વધારા બાબત તથા દેશના રાજ્ય વહિવટમાં ઘટતા ફેરફારો કરવા વાસ્તે વિચાર ચલાવતી હતી. મોસ્લેમ વિચારના તથા સામાજીક મતના નેતાઓને એક રાજ્યદ્વારી મંડળી સ્થાપિત કરવાની જરૂર જણાઈ. અને નાo આગાખાને ઑલ ઇન્ડિયા મોસ્લેમ લીગ સ્થાપિત કરવાની યોજના ઘડી કાઢીને તેમાં ઘણો ભાગ લીધો હતો. તેઓ પોતે કહે છે કેઃ—

"સને ઇo સo ૧૯૦૬ માં જ્યારે મેં અલીગઢની વીઝીટ લીધી ત્યારેજ મોસ્લેમ લીગના

તાત્કાલિક બંધારણની જરૂર મને જણાઇ, અને મારા અતિ પ્રિય તથા મર્હુમ મિત્ર નવા મોહસિનુલ–મુલ્ક કે જેમના મૃત્યુથી આપણને કાયમ વાસ્તે ઘણી ખોટ ગઈ છે, તેમને આ વિચાર જણાવ્યો. તેઓએ ઘણીજ દુરંદેશીથી આ વિચાર સ્વીકાર્યો અને તેને પાર પાડવા કોશેશ કરી, જેને પરિણામે ઈ૦ સ૦ ૧૯૦૬ માં લૉર્ડ મીન્ટો પાસે એક ડેપ્યુટેશન મોકલવામાં આવ્યું અને તે વખતથી એમ માન્યતા છે જે, આ દેશમાં રહેલી મુસલમાનોની નાની પણ અગત્યની સંખ્યાને દેશના રાજ્યવહીવટમાં ઘટીત અને યોગ્ય ભાગ આપવો.”

મોહમેદન એજ્યુકેશનલ કોન્ફરન્સ જ્યારે ઢાકામાં મળી, ત્યારે નવાબ ખ્વાજા સલિમુલ્લાએ નિયમિત રીતે આ બાબતને હાથમાં લીધી, જેથી ઓલ ઇન્ડિયા મોસ્લેમ લીગ હસ્તિમા આવી. બીજે વરસે તેના બંધારણનો વિચાર કરવામાં આવ્યો અને જ્યારે કરાંચીમાં લીગની બેઠક મળી ત્યારે આ વિચારો સ્વીકારવામાં આવ્યા અને આગાખાન સાહેબ તેના પ્રમુખ તરીકે ચુંટાયા. પણ તે પ્રમુખપદ હમણાંજ તેઓએ પોતાની ઇચ્છાથી છોડી દીધું છે. લીગમાં જ્યાં સુધી તેઓ રહ્યા ત્યાં સુધી મુસલમાનોને ઘણો ફાયદો થયો હતો. વખતોવખત નામદાર આગાખાન તેઓને કેવી રીતે કામ કરવું તે બતાવતા

હતા, તે પહેલાં ઘણી જગ્યાઓમાં લીગની મશ્કરી થતી હતી. એક સંપ્રદાયિક હિલચાલ તરીકે લીગનો તિરસ્કાર કરવામાં આવતો અને હિંદિ ઐકયતામાં ઘટાડો કરશે એમ ધારવામાં આવતું. પણ નામદાર આગાખાન અને બીજા મુસલમાન આગેવાનો લીગનો ખરો અર્થ અને સાચી કિંમત સમજતા હતા.

## જ્ઞાતિક પ્રતિનિધિપણું (રેપ્રિઝેન્ટેશન)

મુસલમાનોએ પોતાના પ્રયત્નોથીજ કાઉન્સીલોમાં પ્રતિનિધિઓ મોકલવાનો હક મેળવ્યો છે. મુસલમાનોએ લીધેલા આ પગલાને હિંદની કેટલીક જાતિઓ એમ સમજતી હતી કે દેશના હિતને નુકશાનકારક નિવડશે. પણ લીગના પ્રેસિડન્ટ (નામદાર આગાખાન) એથી ઉલટું પરિણામ આવશે એમ ખાત્રીપૂર્વક જાણતા હતા. ઇ સ. ૧૯૧૦ માં દિલ્હિમાં ભરાયેલી લીગની બેઠક વખતે નામદાર આગાખાને શરૂઆતના (ઈન્ઓગ્રીલ) માનપત્રમાં સુધારાની યોજના પ્રત્યેનો પોતાનો વિચાર શુદ્ધ હૃદયથી જણાવ્યો હતો, અને આ બાબત વિષે ઘોટાળામાં ન પડવા વાસ્તે સૂચના કરી હતી કે:—

"સદગૃહસ્થો, મને ચોખ્ખું કહેવા દો કે જેમ કેટલીક જગ્યાએએ કહેવાય છે તેમ આપણને કંઈ અયોગ્ય લાભ મળ્યા નથી. ખરી રીતે આપણને વચન આપેલું બધું અથવા આપણે માગેલું બધું મળ્યું નથી પણ એ બધાને પરિ-

ણામે જે સુધારો થયો છે તેને અમો ઉપકાર સહિત સ્વીકારીએ છીએ.

મને ખુશી થાય છે જે, આપણી એ યોગ્ય માંગણી કબુલ કરવામાં આવી છે. હવે સુધારાની યોજના પરિપૂર્ણ રૂપમાં મુકાઇ છે અને તે પ્રમાણે પગલાં લેવાની તૈયારીઓ થાય છે ત્યારે આપણે આનંદથી તેનો સ્વીકાર કરવો જોઇએ અને શાહેનશાહતની વફાદાર પ્રજા તરીકે અને હિંદના વતનીઓ તરીકે, આ યોજનાનું સર્વોતમ પરિણામ લાવવા વાસ્તે પ્રયત્ન કરવો જોઇએ. મને ખાત્રીપૂર્વક કહેવા દો કે થયેલા સુધારાને શુદ્ધ અંતઃકરણથી સ્વીકારવો એ હિંદુ, મુસલમાન, પારસી અને ક્રિશ્ચિઅન તમામ હિંદીઓનું શુભ કાર્ય છે, અને સુજ્ઞ શહેરીઓ (સિટિઝન) તરીકે, સરકાર તથા કાઉન્સીલમાંના આપણા પ્રતિનિધિઓ સાથે મળીને હિંદના શુભ અર્થે, કામ કરવું એ આપણું કર્તવ્ય છે; અને સાથે એ પણ યાદ રાખવું જોઇએ કે અગર આ તકનો શુભ લાભ લઈશું તો ભવિષ્યમાં સ્વરાજ્ય વિષે આપણને ખરેખર વધારે હક્ક મળશે. મને કહેવા દો કે, સ્વરાજ ખરેખર આપણા નજીક આવ્યું છે, તમામ દેશોમાં, પ્રજાકીય ઉન્નતિ વાસ્તે જે મહત્વની

એ બાબતો રક્ષણ (કોંઝરવેશન) અને સુધારો (ડેવલપમેંટ) છે. તે વાસ્તે જે બહોળી સત્તાઓ આપણા હાથમાં મુકવામાં આવી છે. તેનો ઉપયોગ કર્યા સિવાય હાલ કરેલા સુધારાને આપણી ઐકયતાને બાધકારક ગણીશું તો, જેમ દિવસ પછી રાત્રિ આવે છે તેમ નિઃસંદેહ રીતે આપણા ઉચ્ચ ઉદ્દેશ પૂર્ણ કરવા તરફ ઘસડી જનાર પવનને બીજી ઉલટી દિશામાં ફેરવશું."

## હિન્દુ મોસ્લેમ ઐકયતા.

નામદાર આગાખાને, જો કે મુસલમાન પ્રતિનિધિપણા બાબત અને બીજી કેટલીક જ્ઞાતિક જરૂરીયાત બાબત ઘણીજ કોશિશ કરી છે, તોપણ તેઓના પોતાના વિચારોમાં પક્ષપાતી નથી. મુસલમાન કોમની ઉન્નતિને બીજાઓની સરખામણીમાં લાવીને, નામદાર આગાખાને, હિંદની આ બે મોટી જ્ઞાતિઓ સાથે મળીને રહે અને એક બીજાના શુભ અર્થે કોશેશ કરે તે વાસ્તે પ્રયત્નો કર્યા છે, અને આવી રીતે વગર વિરોધે, દેશનું હિત વધશે. તેઓ કહે છે કે:—

"જ્યાં સુધી આપણે ધાર્મિક, સામાજીક અને નૈતિક આદર્શોને વળગી રહ્યા છીએ તેમજ જુદું બંધારણ અને જુદા પ્રતિનિધિપણાને ઈચ્છીએ કે જે બે બાબતો આપણી કોમને જાળવી રાખવાને તેમજ રાજ્યકર્તાઓમાં આપણને યોગ્ય

માન અપાવવાને ખાસ જરૂરની છે. તે બે બાબતોને જ્યાં સુધી નિશ્ચયપૂર્વક ગ્રહી જાળવીએ છીએ, ત્યાં સુધી આપણા કરતાં પણ વિશેષ આપણા રાજ્યકર્તાઓની એ ઇચ્છા હોવી જોઇએ કે, આ આદર્ષો પ્રમાણે વર્તવું અને હાલની રાજ્યનીતિનો જે મુખ્ય સિદ્ધાંત—બ્રિટીશ સલતનત નીચે વ્યવસ્થિત સુધારો કરવો—તે સિદ્ધાંતને સ્વીકારતી હિંદની તમામ કોમના સહચારીપણા સહિત, ઉન્નતિના કાર્યક્રમને પૂર્ણ કરવો. આ દેશની સામાજીક અને આર્થિક ઉન્નતિ કરવામાં સહચાર્ય વાસ્તે પ્રસંગો, યોગ્ય વખત, અને કેળવણીના પ્રચારથી મારી માન્યતા પ્રમાણે ધાર્મિક મુશ્કેલીયો અને જ્ઞાતિક બંધનથી થતી કેટલીક અડચણો દૂર થશે, અને ઉપરની અડચણો કે જેથી, હિંદની પ્રજાના બંધારણનો પાયો ખોદાય છે તે અડચણો એક લાંબા જમાના પછી, પાશ્ચાત્ય યુરોપ અને અમેરિકાની માફક નીર્માલ્ય બાબત ગણાશે. અગર એક બીજાના કામમાં અને ભલા અર્થે આપણે શુદ્ધ અંતઃકરણથી સહચારી થઈશું, ઉચ્ચ આદર્ષ રાખશું અને મધ્યમતા અને યોગ્ય ધીરજથી કામ કરશું તો હીંદના ભવીષ્ય માટે મને કંઇ ફીકર રહેશે નહીં.”

તેઓ નામદારે, હિંદુ ભાઇયોના શું ઉદ્દેશો છે તે સમજવાને, પોતાના હિંદના સહધર્મીઓને વારંવાર સૂચના કરેલી છે. મોસ્લેમ યુનીવરસીટીની યોજના બાબત કહેતાં, તેઓ કહે છે કે:—

"હીંદુઓની પ્રાચીન જાહોજલાલીમાં સર્વોત્તમ શું છે તે જાણવાને, હીંદુ ધર્મ અને વીચારોનું મૂળ અને બંધારણ સમજવાને, બંધુપ્રજા તરીકે તેમના પ્રત્યે માન અને પ્રેમ આપણામાં ખીલવવા વાસ્તે તથા તેમના રીતરીવાજો વીષે વીચાર કરવા વાસ્તે સંસ્કૃત અને પૂર્વની બીજી ભાષાઓના શિક્ષણને યુનીવરસીટીના કાર્યક્રમમાં, યોગ્ય મહત્વતા આપવી જોઈએ."

હિંદુ અને મુસલમાનો વચ્ચે ત્રસ્ટી તરીકે જે મોટું પગલું તે નામદારે ભર્યું હતું તે સર્વને સુવિદિત છે; અને જે પગલાથી બન્ને વચ્ચેના ફિસાદ મટે અને બન્નેના ભલા વાસ્તે કરવું જોઇતું સહચાર્ય થઈ શકે, તે વાસ્તે ૧૯૧૧ માં બેસતા વર્ષને દિવસે અલ્હાબાદમાં હિન્દુ–મોસ્લેમ કોન્ફરન્સ ભરાણી, જેમાં નામદાર આગાખાન તથા સર વિલિયમ વેડરબર્ન સિવાય નીચેના સદ્ ગૃહસ્થો પણ હતાઃ—

મી૦ સુરેન્દ્રનાથ બેનરજી, પંડિત માળવિયા, સર ઈબ્રાહીમ રહેમતુલા, નવાબ વિકારૂલમુલ્ક, મી૦ હસન ઈમામ, મી૦ મઝહરૂલ હક, અને મી૦ ઝીણા અને

બીજાઓ જેને પરિણામે, અંદરના મતભેદ વિચારવાને તથા તેમને ઓછા કરવા વાસ્તે સંતોષકારક ઉપાયો દર્શાવવાને એક કમિટી નીમાઈ. જો કે આ કમિટીથી હજી સુધી કંઈ પણ થઇ શકયું નથી. તોપણ એ તો સિદ્ધ છે કે હિંદની બે મોટી જ્ઞાતિઓમાં અંતઃકરણપૂર્વક સંપ પ્રેરવાને વાસ્તે, ના૦ આગાખાન તથા બીજા મોસ્લેમ નેતાઓમાં ઘણીજ તીવ્ર ઇચ્છા હતી.

ના૦ આગાખાન ખાત્રીથી એમ માને છે કે વહેલા મ્હોડાં, સખત જરૂરીયાતને લીધે, હીંદુ મુસલમાનોને તેમના મતભેદ વિસર્જન કરવા પડશે, અને બન્નેના હિતાર્થે હળીમળીને કામ કરવું પડશે. બન્ને જ્ઞાતિઓ એકજ નૌકામાં મુસાફરી કરે છે. તેઓ બન્નેને સાથે તરવું પડશે યા ડુબવું પડશે. એ સીવાય બીજો કોઈ ઉપાય નથી. સાથે મળી જવાને તથા મતભેદ કમી કરવાના પ્રયત્નો એકાએક સફળ નહી થાય. તોપણ છેવટે, લાંબા વખતનું ઇચ્છીત પરીણામ જરૂર આવશે.

પણ આ પરિણામ કાયમ ટકી રહે, અને હિંદુ અને મુસલમાનો વચ્ચે જુદાઇનો મોકો ફરીને ન આવે તે વાસ્તે ના૦ આગાખાને પોતાના દરેક દેશબંધુને વિનંતિ કરતાં જણાવ્યું છે કેઃ—

"દરેક જ્ઞાતીની ખાસીયતો, જરૂરીયાતો અને માંગણીયોની નોંધ લેવી કે જેથી રાજ્યકર્તાઓમાં દરેક વિષે ગ્યોગ્ય વીચાર કરવામાં આવે કે જેથી એકસંપીલી પ્રજા હસ્તીમાં આવશે કે જે હીંદના હિતાર્થે ઉમંગથી પ્રયત્નો કરશે અને સુધરેલી પ્રજાઓની પ્રશંસા અને માન મેળવશે."

આ ઉદ્દેશથીજ ના૦ આગાખાને ઇલાહીદા પ્રતિનિધિપણા વાસ્તે ખાસ જરૂર જણાવી છે. તેઓ હિંદમાં એકત્રતા ઇચ્છે છે, પણ માત્ર નામનીજ અથવા છળ કપટથી ભરેલી નહીં, પણ એક બીજાનું કહેવું સમજીને થયેલી ખરી એકત્રતા માગે છે. આ સિદ્ધાંતને મક્કમપણે વળગી રહેવાથી, તેઓએ ઘણા હિંદુ આગેવાનોની ઇતરાજી વહોરી લીધી છે. ખુદ મર્હુમ મી૦ ગોખલે, મુસલમાનોની જરૂરીયાતોના સવાલ બાબત ના૦ આગાખાનના વિચારોને સમજી શક્યા નહોતા. હીઝ હાઇનેસના કેટલાક ઉદ્‌ગારોથી મી૦ ગોખલેને ઘણીજ નવાઈ લાગતી ને **મી. ગોખલે બીલકુલ ગોંટાળામાં પડી જતા હતા.** અને જ્યારે ના૦ આગાખાન યોજનાઓ વાંચતા હતા ત્યારે મી૦ ગોખલે આંખો ચોળીને સાવધપણેથી સાંભળતા હતા. એ એકજ મત અને દ્રઢ નિશ્ચયપૂર્વક મુસલમાનોના અગત્યના હક્ક બાબત બોલતાં, ના૦ આગાખાન કોઈ દિવસ એક રાજ્યદ્વારી (પોલિટીશિયન) તરીકે પક્ષપાતી અને જીદ્દી (સરકસ, હઠીલા) જણાયા નથી

તેઓ ખરેખર એમ માને છે કે, પોતાની જ્ઞાતિની માંગણીયો બીલકુલ ન્યાયપૂર્વક છે, અને તેઓ ખાત્રી રાખે છે કે આ બાબત હિંદુ ભાઇઓને અસર કરવામાં છેવટે મુસલમાનો સફળ થશે. પણ તે દરમ્યાન, મુસલમાન હકોને મુસલમાન દ્રષ્ટિથી હિંદુઓ જુએ તે પહેલાં, ના૦ આગાખાન પોતાના સહધર્મીઓને એમ કહેતા આવ્યા છે કે:—

"પોતાના દેશબંધુઓની લાગણીયો અને મન ગંભીર રીતે દુઃખાય, એવું કદી કોઈ પણ કાર્ય કરવું નહીં."

લોર્ડ કર્ઝનનો **બંગ**નો ભંગ કરવાનો એ ઉદ્દેશ હતો, કે પૂર્વ બંગાળાની મુસલમાન પ્રજાને ત્યાંના રાજ્યવહિવટમાં યોગ્ય મહત્વતા આપવી. પણ બંગાલી લોકોએ ગુસ્સા અને આવેશથી, એમ દલીલ કરી કે, લોર્ડ કર્ઝનના આ પગલાથી બંગાલાની હિદુ પ્રજાનું મન ઘણું દુઃખાયું છે અને મોટા પાયા ઉપર વ્યવસ્થિત ઉશ્કેરણી થવાની શરૂવાત થઇ હતી, જેથી લોર્ડ મોરલીની ખાત્રી અને ગઇ ગુજરી હકીકતો (સેટલ્ડ ફૅક્ટ) ને બદલે એ પરિણામ આવ્યું કે દરેક હકીકત શંકારૂપી થઈ પડી અને સને ૧૯૧૨ માં બંગભંગ રદ કરવામાં આવ્યો ત્યારે મુસલમાનોની લાગણી ઉશ્કેરાઈ હતી, પણ તેને અંગે કંઇ તોફાન થયું નહોતું. મુસલમાનોએ ઘણોજ સંપ રાખ્યો હતો. તેનો અર્થ એમ નહિં કે મુસલમાનો, અદલ અને પ્રમાણિકતાના નામમાં, બહોળા વિસ્તારમાં

ઉશ્કેરણી કરવાને અશક્ત હતા, છતાં તેઓએ કોમળ લાગણીઓ અને ઐક્યતાના નામમાં કરી બતાવેલું હતું. કારણ કે હિંદુ ભાઇઓને વધારે ઉશ્કેરણીમાં નાંખવા, એ સલાહકારક તેમજ સદ્‌ગૃહસ્થોને લાયક નહોતું.

મુસલમાનોએ રાખેલી આ પ્રશંસાજન્ય વર્તણુકનું એ કારણ હતું જે તેમના આગેવાનોમાં ઉદાર મનવાળી સહનશીલતા હતી-કે, જે આગેવાનોએ પોતાના સહધર્મીઓને થયેલા ફેરફારને ખુશીથી સ્વીકારવાને આજ્ઞા કરી હતી જેથી બંગાલાના હિંદુ મતની સાથે હમદર્દી બતાવેલી હતી. ના૦ આગાખાન કહે છે કે:—

"ત્યારે હવે ભાગલાઓ રદ્દ કરવામાં આવે છે. બેશક એ તો ખરૂં હતું કે મુસલમાનો પૂર્વ બંગાલ અને આસામમાં વધતી સંખ્યામાં હતા. પણ હવે આ સર્વોત્તમ સ્થિતિ બદલાઈ ગઈ છે. હિંદમાં મુસલમાનોની સ્થિતિને એક જથ્થામાં ગણીને વિચારતા, મને એ શંકા રહે છે કે એકજ જગ્યામાં વધતી સંખ્યામાં (મેજોરિટિમાં) રહેવું અને બીજી બધી જગ્યાઓમાં નાની સંખ્યામાં રહેવું એ ફાયદામંદ બાબત હોય. આવી સ્થિતિના ગેર ફાયદાઓ જાહેર છે. હિંદમાં ઇસ્લામીઓ એક અને સંપીલા છે. દરેક મુસલમાનની એ ફરજ છે કે પોતાની નજદીકના મુસલમાનોનું હિત પહેલાં સંભાળે અને તે પછી બીજી જગ્યા-

ઓના તમામ મુસલમાન ભાઈઓનું શું હિત છે તે વિચારે. પણ ભાગલાની બાબત અગર હિંદીવાનો તરીકે જો આપણે વિચાર કરીએ તો માલુમ પડશે કે, જુના ભાગલાથી બંગાલી ભાષા બોલતી તમામ પ્રજાની લાગણીઓ ઉશ્કેરાઈ ગઈ હતી અને તે વ્યાજબી હતું, જે જે કામથી લાખો હિંદીવાનોની—પછી મુસલમાન હો યા હિંદુની–લાગણીઓ દુઃખાતી હોય અને તેમના હિતને નુકસાન થતું હોય, એ ખરેખર અનિશ્ચિત છે અને સરકારને તે કામો તજી દેવા જોઇએ. એટલુંજ નહિં પણ તમામ જ્ઞાતિઓએ તે બાબત લડત ચલાવવી જોઇએ. આ દ્રષ્ટિથી જોતાં, ભાગલાઓ રદ થયાથી બંગાલીઓનેજ સંતોષ મળ્યો છે, તેટલુંજ નહીં પણ તમામ હિંદીવાનોને એક ખુશાલીનો પ્રસંગ થવોજ જોઇએ, અને મારા ધારવા પ્રમાણે, રાજ્યકર્તા તરીકેના આ મહાન કૃત્યને વાસ્તે, હીઝ એકસેલન્સી લૉર્ડ હાર્ડીંજનો ઘણોજ ઉપકાર માનવો જોઇએ; કારણ કે તેમ કર્યાથી નામદાર શહેનશાહની હિંદી રૈયતના મોટા ભાગની અડચણ દુર થઈ છે.”

હિંદના કેટલાક ભાગમાં, હિંદુ અને મુસલમાનો વચ્ચે બીલકુલ વ્યવહાર નથી. તે વાસ્તે ના૦ આગાખાનને

ઘણોજ ખેદ થાય છે અને તે બાબત સારી સ્થિતિ લાવવાને તેઓ નામદાર કહે છે કે:—

"નીચેની બાબત ઘણીજ ઇચ્છવા યોગ્ય છે કે, જે ઇલાકા અને પ્રગણાઓમાં હિંદુ મુસલમાન વચ્ચે સલાહ સંપ અને માનની દ્રષ્ટિ છે તે પ્રાંતોમાંથી મીશનરીઓને ચુંટીને બીજા કમનસીબ પ્રાંતોમાં સલાહ કરાવવા મોકલવા જોઇએ. મુસલમાનોના હાથમાં એક મોટી તક છે કે, અગર તેઓ સમજી શકે કે; કુરબાની વખતે થતી ગાયોની કતલને પોતે રાજી ખુશીથી બંધ કરે તો, હિંદુ ભાઇયોની મિત્રતા અને માન કેટલે દરજજે મેળવી શકાય? એ સવાલ છે. જે વિષે તમો ઘણું જાણો છો, તે નાણાં સંબંધી છે; અને કુરબાની વાસ્તે ગાયને બદલે બીજા જાનવરો ખરીદ કરવાને વાસ્તે ફંડ એકઠું કરવા સારૂ, મુસલમાન અને ધનવાન હિંદુઓની કમિટીઓ ભરવી જોઇએ, જેથી આ રિવાજ બંધ કરવા વાસ્તે ઘણું સારૂં કામ થઈ શકશે. હિંદુ મુસલમાનોને સામાજીક વ્યવહારમાં સાથ જોડવા વાસ્તે સ્થાનિક મંડળોથી પણ ઘણું સારૂં કામ થઈ શકે તેમ છે. એ તો ખરૂં છે કે સાથે જમવામાં જ્ઞાતિક અડચણો ઘણી સબળ છે, પણ સાથે

રમત ગમત કરવામાં કંઈ હરકત નથી. ઘણા વર્ષો અગાઉ, મુંબઈમાં લૉર્ડ હેરીસે આપણને સાબીત કરી બતાવ્યું છે કે, જુદી જુદી જ્ઞાતિઓમાં મિત્રતાઈ બાંધવાને રમતના મેદાનમાં ઘણું સરસ કામ થઈ શકે છે. હિંદ તેમજ દરેક જગ્યાઓમાં યુવાન અવસ્થામાં રમત ગમત કરવી એ સ્વાભાવિક છે. અને હું માનું છું કે, યોગ્ય વ્યવસ્થાથી રમતના મેદાન ઉપર થયેલી મિત્રચારી દરેક જગ્યામાં આપણા યુવકોમાં ફેલાવી સકાશે; અને હું માનું છું કે, સામાજીક જ્ઞાન અને મિત્રાચારી હિંદમાના આપણા યુવકોમાં પ્રસારવી હોય તો તે યુવાનોની ભાવિ પ્રજાને શારીરિક કેળવણીના માર્ગથીજ થઈ શકશે, અને ભાવિ પ્રજાને થતા લાભને લીધે પણ આ કેળવણી ઘણી ઇચ્છવા યોગ્ય છે.”

નામદાર આંગાખાને આ બે જ્ઞાતિઓને સાથે જોડવા વાસ્તે જેટલા ઉપાયો લઈ શકાય તેટલા લીધા છે, અને તે ઉપરાંત હિંદુ જ્ઞાતિના ભલા વાસ્તે જેટલું કરી શકાય તેટલું કરી બતાવ્યું છે, અને તેઓ નામદારે ઘણીક હિંદુ સંસ્થાઓને લીધે નિયમિત રકમ જારી કરી આપી છે અને ડંકન એજ્યુકેશન સોસાયટી અને હિંદુ યુનીવરસીટીને વાસ્તે બક્ષિસ પણ આપેલી છે. તેઓ નામદાર જ્ઞાતિક યુનીવરસીટીઓના ખાસ ઉત્તેજક છે.

પ્રજાકીય ખાસિયત અને સદ્‌ગુણો કે જેથી કોઈ પુરૂષને સારો હિંદુ યા સારો મુસલમાન કહી શકાય. તે ગુણોની ખીલવણી શિવાય અને બન્નેની ગત જાહોજલાલીમાં સર્વોત્તમ શું હતુ તેના ખરેખરા જ્ઞાનથી ઉદ્‌ભવતી પ્રજાકીય આબરૂ અને સ્વમાનના ભાન શિવાય હિંદુ કે મુસલમાન બન્નેમાંથી કોઇ પણ, હિંદની ભાવિ ઉન્નતિ વાસ્તે ખાસ જરૂરનું કે જે એક **'સબળ હિંદી પ્રજા'** બાંધવાનું કાર્ય છે તે વાસ્તે કંઈ પણ અગત્યનું કરી શકશે નહીં. હિંદુ યુનીવરસીટીની સંસ્થા ફળિભૂત કરવાને વાસ્તે ના૦ આગાખાને શું કોશીશ કરી છે તે ચોખ્ખું જણાતું નથી. તોપણ એ તો ચોકસ હતું કે હિંદુ નેતાઓ, આ સંસ્થાને લગતી મહત્વની બાબતો ઉપર તેઓની સલાહનો લાભ લઈ શકતા, અને બનારસના ધાર્મિક વાતાવરણમાં તથા ગંગાના પવિત્ર કિનારા ઉપર આખર સ્થાપિત થયેલી હિંદુ યુનીવરસીટીને જોઇ, તેઓ નામદાર જેટલો બીજા કોઇને આનંદ થયો નહોતો.

## દક્ષિણ આફ્રિકાનો સવાલ.

પોતાના સ્વદેશબંધુઓનું હિત કરવાની કોશિશ ફકત હિંદમાંજ પૂર્ણ થતી નથી—સાઉથ આફ્રિકા અને બીજાં સંસ્થાનોમાં હિંદીવાનોનો પક્ષ જે લોકોએ ખેંચ્યો તેમાં ના૦ આગાખાન પણ હતા. મી૦ ગાંધી અને તેમની સાથના બીજા સ્વદેશબંધુઓને જે ઉદાર અંતઃકરણથી મદદ આપી હતી તે સૌને સુવિદિત છે. અખબારો તેમજ ભાષણદ્વારા, અને હિંદમાં તેમજ ઇંગ્લંડમાં ના૦ આગા-

ખાને સંસ્થાનોમા રહેલા હિંદીવાનોના બાબમાં સારી વર્તણુંક ચલાવવા વાસ્તે વારંવાર દલીલો દર્શાવી છે. વિશેષમાં, પોતે જાહેર ભાષણોથી જે કંઇ કરી શકયા છે તે કરતાં વધારે, પોતાથી બનતી લાગવગ ચલાવીને, ખામોશ અને અદ્રશ્ય રીતે ઘણુંજ સારૂં કામ કરેલ છે. પણ એટલું તો ધારી શકાય છે કે, દર સાલની શરૂઆતથી તે છેડા સુધીની પોતાની તમામ મુસાફરીઓમાં, અને ઝાઝો ભાગ ઇંગ્લંડ અને સંસ્થાનોમાં તેઓ રહેતા તેથી હિંદીઓની શું શું અભિલાષાઓ અને જરૂરીયાતો છે તે બાબત બ્રિટીશ રાજ્યકર્તાઓને જણાવવાની ઉત્તમ તક તેમને મળીજ હશે.

## એક ખબરદાર રાજ્યકર્તા તરીકે.

તમામ ભારતવર્ષની ઉન્નતિને લગતા સવાલો અને બીજી મહત્વની રાજ્યદ્વારી બાબતો વિષે, તેઓના વિચાર હંમેશા મોડરેટ (મધ્યમ) છે. મી૦ ગોખલે અને સર ફીરોજશાહ મહેતા કે જે બન્નેવાન્તે તેઓને ઘણું માન અને લાગણી હતી, તેમના મત પ્રમાણે નામ૦ આગાખાનનો મત હતો. સર ફીરોજશાહ અને મી૦ ગોખલે કે જેમના મત વિષે અગાઉ વાત કરી, તેમના મતના જે લોકો હતા તેમનાથીજ હિંદની ઉન્નતિનું કાર્ય સૌથી શ્રેષ્ટ થઈ શકયું છે. સર્પેલી પ્રજા બનાવવાનું તેમજ આઝાદ મનની (ફ્રી) સંસ્થાઓ વધારવાનો જે ઉદ્દેશ છે તે ઉદ્દેશને એક બાજુએથી આવેશ ભરેલી અને અનિયમિત રીતે, પક્ષ ખેંચવાથી ઘણુંજ નુકસાન થાય છે તેમજ બીજી બાજુ-

એથી, અમલદાર વર્ગના દરેક કૃત્યની હંમેશાં ખુશામદ કરવાની જે અધમ અને મૂર્ખાઈ ભરેલી આદત છે, તે આદતને લીધે, ઉપર ઉપરથી જોનાર દરેક વિદેશીને એમ લાગે છે કે, હિંદીઓને દરેક કૃત્યને આવેશ ભરેલી રીતે વખોડવાની તથા અપમાનમાં રહેવાની આદત છે અને તે સિવાય બીજી કોઈ પણ વાતને લાયક નથી.

દરેક રાજ્યદ્વારી બાબતમાં, આવી માન ભરેલી જે વર્તણુક છે, તેવી વર્તણુક ચલાવવાની ટેવ મી૰ ગોખલે અને સર ફીરોજશાહ મહેતાની જેમ, લોકહિત કરનાર દરેક જણની ખાસ આદત હોવી જોઇએ. આ વર્તણુંક એક દિવસમાં આવતી નથી. તેને વાસ્તે, ઘણા વર્ષોની સખત મહેનત અને ઉમેદવારીની જરૂર છે. સર ફીરોજ-શાહ મહેતાની યાદગીરીમાં ભરાયલી લંડનની એક મંડળીમાં તેઓ નામદારે જણાવ્યું હતું કેઃ—

"મને બ્હીક લાગે છે કે, અહીંઆના કેળવાયલા હિંદી યુવકો જ્યારે માતૃભૂમિમાં જાય છે ત્યારે તેમના મનમાં રાજ્યદ્વારી બાબતો અને લેજીસ્લેચરમાં માન મેળવવાની તથા દેશમાં આગેવાન તરીકે પ્રખ્યાત થવાની મહત્વાકાંક્ષા હોય છે, પણ આ બાબતમાં માત્ર થોડાજ સફળ થાય છે, જેથી એક ઘણી મોટી સંખ્યા સામાજીક જીવન સાથેનો તમામ સંબંધ છોડી દે છે અને ઘરના તથા પોતાના ધંધાના કામમાં પોતાનો બધો

વખત ગાળે છે. સામાજીક જીવનમાં ઘણાજ સફળ થયેલા માણસો જે સ્થિતિમાં શરૂઆત કરે છે તેવીજ રીતે આ યુવકો પણ શરૂઆત કરવાને ઇચ્છે છે. પણ સફળ માણસોની માફક આ યુવકો, જનસમુહની સેવામાં ગુપ્ત રીતે યા બીજા સ્થાનિક કૃત્યોમાં ઘણા વર્ષ સુધી ઉમેદવારી કર્યા સિવાયના હોય છે. માત્ર ઘણાજ થોડાજ લોકો, આ અપકવ મહત્વાકાંક્ષાને પૂર્ણ કરે છે. તેમાં પણ ઘણાને અહંકારજન્ય સ્વ–સંતોષ ઉત્પન્ન થાય છે, જે હિંદની ખરી સેવામાં અડચણકર્તા છે. એમ એ આકાંક્ષામાં નાસીપાસ થયેલી ઝાઝી સંખ્યાને જે જે તકો મળે તે તકનો તિરસ્કાર અને અનાદર તેઓ કરે છે. જેથી હિંદની ઉન્નતી કરવા વાસ્તેના ઘણા સારા સાધનો નિરર્થક થઈ પડે છે અને સ્થાનિક સ્વરાજનો વધારો જોઇએ તેટલો જલદી નથી થતો. તેમ ન બન્યું હોત અગર લોકો એમ સમજ્યા હોત કે, સ્થાનિક દેશભકિત અને બીજી નાની સેવાના કૃત્યો અને બાબતો બીજી મોટી તક મળવા વાસ્તે શરૂઆતમાં જરૂરની છે, તે ઉપરાંત જ્ઞાતિક શુભ વધારવાની જે મહત્વાકાંક્ષા છે તેને વાસ્તે જરૂરની છે. જે લોકો, અંગ્રેજ પ્રજાના જીવનને, બારી-

કીથી જુએ છે, તે લોકોને માલુમ પડે છે કે ત્યાં દેશસેવકો, સ્થાનિક પ્રવૃત્તિ, બીલકુલ મફત કરે છે. આ રીતે મફત દેશસેવા કરવાનું લેસન, મી૦ ગોખલે અને મી૦ ફિરોજશાહ મેહુતાના જીવન વૃત્તાંતમાં મોટે અક્ષરે લખેલ છે, કારણ કે આપણે સર્વને સુવિદિત છે કે; મી૦ ગોખલેએ ફર્ગ્યુસન કોલેજમાં પ્રોફેસર તરીકે, માત્ર નામ-નોજ પગાર લઈને, ઘણા વર્ષ સુધી પોતાના ધંધાની વેઠ કરી હતી, અને પુનાની મ્યુનીસી-પાલીટીની મેમ્બર–શિપ કરતાં પણ આ કામમાં ઘણું માન છે એમ ધારતા હતા. આવી રીતે સ્થાનીક કાર્યોમાં ધ્યાન આપવાથી સ્થાનીક દેશ-ભક્તિ અને પ્રવૃત્તી કરવાથી અને ઉપર જણા-વેલા હીંદના બે વડીલ પુત્રોએ બતાવેલા સુધારક (સુધારો કરવાની) જુસ્સાથીજ આપણો દેશ, તેના ઉચ્ચ અભીલાષો પૂર્ણ કરવાને આગળ વધશે; અને તેમ કરવાથી બ્રીટીશ સામ્રાજ્ય નીચે ઉન્નતી કરવાના ખ્યાલો પૂર્ણ થઈ શકશે.”

## હિંદ વાસ્તે સ્વરાજ.

હિંદનું ભવિષ્ય ઘણું વિશાળ છે, અને તેનું નસીબ મહાન છે જે બાબતમાં ના૦ આગાખાનને કંઈજ શક નથી. વખત જતા, બ્રિટીશ સામ્રાજ્ય નીચે હિંદને સ્વા-

રાજ મળશે. પણ તેમ થવાને વાસ્તે કોઈ સહેલો અને સરસ શરેઆમ રસ્તો ઉન્નતિનો માર્ગ કોઈ પણ રીતે સરળ નથી. કંઇ પણ મહત્વનું મળે તે પહેલાં ઘણા લાંબા વર્ષની તૈયારી અને સબુરી જોઇએ. સને ૧૯૧૩ ના જુલાઈમાં ઓલ ઇન્ડિયા મોસ્લેમ લીગની લંડનની શાખાની પાંચમી બેઠક વખતે, ના૦ આગાખાન, મુખ્ય લીગના સ્વરાજ મેળવવાના આદર્શ બાબત બોલતાં એમ કહે છે જે:—

"તે આદર્શ બીજા બ્રીટીશ સંસ્થાનોની માફક યા તો બીજા હીંદને અનુકૂળ રીતે સ્વરાજ્ય મેળવવાનું હોય જેની શરતો આપણે હાલ નથી વીચારતા, અગર, મારા વીચાર પ્રમાણે તે આદર્શથી એમ સમજાતું હોય કે સ્વરાજ મેળવવામાં, સામાજીક સુધારામાં, કેળવણીના પ્રચારમાં, અને હીંદુ મુસલમાન વચ્ચે ઐકયતા કરવામાં ઘણા દશકે સૈકા નહીં પણ દશકો સુધી પ્રયત્ન કરવાની જરૂર છે. તો હું માનું છું કે, દરેક વીચારશીલ જણને મજકુર આદર્શ પ્રીય થઈ પડશે. દરેક વ્યકિત અને હિંદની પ્રજા આવતા ઘણા જમાના (૩૦ ત્રીશ વર્ષનો જમાનો) સુધી સ્વ–ભોગ આપશેજ એમ ધારીએ તો, બ્રિટીશ સામ્રાજ્યને લાયક અને હિંદની પ્રજાને સ્વરાજનું શોભતું કોઈ પણ

રીતનું બંધારણ ઉદ્દભવશે, અને દુનિયામાં બ્રિટીશ સામ્રાજ્યને નીચે હિંદીવાનોને એક પ્રજા તરીકે માન મળશે. પણ તે આદર્શનો અર્થ એમ સમજાતો હોય કે, આંબાને મહોર આવે કે તરતજ ફળ ખાવા વાસ્તે કુદકા માર્યા કરવા, તો જે દિવસે, આ આદર્શ હસ્તિમાં આવ્યો તે દિવસને દેશને વાસ્તે, ઘણો ભાગ્યહીન સમજવો. દુરની મંજલ પહોંચતાં પહેલાં, આપણને ઘણો લાંબો રસ્તો કાપવાનો છે અને આસ્તે આસ્તે આગળ વધવું એ ડહાપણનું ડહાપણ એક જીવતી વ્યક્તિ તરીકેનું ફરમાન છે, અને મુખ્ય કમિટીએ, હિન્દને અનુકૂળ બંધારણની પસંદગી કરવા તરફ લક્ષ રાખેલું, તે ઉપરથી એમ જણાય છે કે, કેવી રીતનું બંધારણ હોવું જોઈએ તે કહેવું મુશ્કેલ છે, કારણ કે હિન્દી સંસાર દિવસે દિવસે સુધરતો જાય છે. પણ સ્વભોગને તથા સામ્રાજ્યમાં હિન્દને છાજતી જગ્યા લેવી હોય તો આવો સુધારો, સામાજીક, આર્થિક અને અધ્યાત્મિક હોવો જોઈએ એ અવશ્ય છે."

## લડાઈ વખતે તેમણે કરેલી મદદ.

એક જાણવા જેવી બાબત એ છે કે, આ લડાઈમાં હિંદ કેમ વર્તણુંક ચલાવે છે, તે ઉપરથી હિંદને કેવું

સ્વરાજ આપવું તે બાબતની યોજના ના૦ આગાખાને મી૦ ગોખલેની સલાહ લઇને મોટી સત્તાવાળાઓને રજુ કરેલ છે. ના૦ આગાખાન, શહેનશાહ તથા તેમના રાજ્યને, દિલથી ચાહે છે.

સેવા અને વફાદારીના જુસ્સા માટે, તેઓ નામદાર કહે છે કે, "હું મારા દાદાશ્રી તથા પીતાશ્રી પાસેથી શીખેલો છું અને તેઓ બન્ને સરકારની તરફેણમાં પોતાની સત્તા વાપરતા, પણ ત્યારે અજ્ઞાન અને ભુલથી તેમની ગેરસમજણ થતી. આવી રીતે બંધાયેલી રૂઢી પ્રમાણે ચાલવામાં, હું મારાથી બનતો અલ્પ પ્રયાસ કરૂં છું, પણ તેનો અર્થ એમ નહીં કે આ મારા ઘરની રૂઢી છે તેથી તેમજ કરવું જોઇએ. પણ દુરના દેશોમાં જાતજાતના અનુભવથી અને ઘણા પુસ્તકો વાંચીને બાંધેલા રાજદ્વારી વિચારના પરિણામે આમ વર્તણુક કરૂં છું."

તેઓ નામદારે રાજ્યની ઘણી મહત્વની સેવા કરી છે. જે સેવાના કાર્યો જુદી જુદી બાબતોમાં અને જુદે જુદે વખતે કરવામાં આવેલ છે, અને તે કાર્યોની કદર નામદાર શહેનશાહે બુજી છે. જેમાં ઘણા ઇલ્કાબ તથા ચાંદ ના૦ આગાખાનને આપ્યા છે, અને તેઓ નામદારને જીંદગી પર્યંત બોમ્બે પ્રસીડન્સીમાં એક પહેલા કલાસના રાજ્યને અપાતી અગીયાર તોપોની સલામીનું માન, હાલમાંજ આપવામાં આવ્યું છે. હાલની લડાઇમાં, મુસલમાનોને

મિત્ર રાજયની સાથે જોડાવા બાબત આગ્રહ કરવા ઉપરાંત, 'ના૦ આગાખાન સાઉથ આફ્રિકન લડાઇની જેમ, હાલની લડાઇમાં ખાનગી સલાહકાર તરીકે કામ કરવા વાસ્તે વૉલંટીયર થયા હતા. રૂટરના પ્રતિનિધિએ પૂછ્યું કે, હિંદી સૈન્ય સાથે **ખાનગી (સીપાહી)** સલાહકાર તરીકે જવાનું આપ સાચે દિલે કહો છો? જેનો જવાબ ફોરન તેઓએ આપ્યો કે:—

"હા, સીપાહી તરીકે યા ગમે તે અમલદાર તરીકે, હું જવા તૈયાર છું. દિલગીર છું કે લડાઇની તાલીમ મને બીલકુલ મળી નથી, પણ વૉર ઑફીસ (લડાઇના નેતાઓ મારી સેવા કબુલ રાખે તો, ઘણી ખુશી સાથે, લડાઇપર જવાને હું તૈયાર છું. હું ગમે ત્યાં જઇશ અને ગમે તે કાર્ય કરીશ. અગર તેઓ, મને ફક્ત કોઈ પણ મોકો આપે, તો બ્રિટીશ રાજ્ય વાસ્તે મારા લોહીનો પણ ભોગ આપીશ."

'ડેઇલી સીટીઝન' માં તે વખતે છપાયેલ (નામદાર) આગાખાનની તુલના વિષય ઉપર લખાયેલી કવિતા અહીંઆ સવિસ્તાર લખીએ છીએ:—

(Published at the time in the *Daily Citizen*:—)

Just a question, Uncle William; Have you
heard of Aga Khan?
He's as proud a prince as you are, he's the
boss Mohammedan.

He was under your "protection" just before the war began.
Nicht wahr Uncle Bill nicht wahr?
He's a peaceful chap in India, not at all a warlike cuss;
But he thinks he'd like to take a hand in this colossal fuss;
And he isn't going to fight for you—he means to fight for Us.
Oder ja, Uncle Bill, oder ja!
And he doesn't want a billet such as fits his high degree.
As the chief of a battalion or a corps of infantry;
But he comes a simple private, just like Thou as A. and me.
Wunderbar, Uncle Bill, wunderbar!
When the proudest prince of India lays aside his pomp and might,
Doffs his rank and sheds his titles just to join us in the fight,
You can bet your final twenty marks our cause is pretty right.
Gott sei dank, Uncle Bill, Gott sei dank!

૧. એક જરા સવાલ, કાકા વિલિયમ, તમે ના૦ આગાખાન વિષે સાંભળ્યું છે?

૨. તમારા જેવાજ તેઓ (મગરૂર) માનવંતા શાહ-જાદા છે. તે એક ફાંકડા મુસલમાન છે.

૩. લડાઇ શરૂ થઈ તે પહેલાં તેઓ તમારી રાજ્ય સત્તા નીચેજ હતા.

૪. (જર્મન ભાષામાં) નિચ વહાર; અંકલ બિલ, નીચ વહાર.

૫. હિંદુસ્તાનમાં તેઓ એક શાંત યુવક છે; પણ લડવૈયા જરા પણ નથી.

૬. પણ તેઓ ધારે છે કે આ દુનીયાની ધમાલમાં તેઓ હાથ ઉપાડી શકશે.

૭. અને તે તમારા માટે નહી, પણ અમારા વાસ્તે લડશે.

૮. ઉધરજા કાકા બીલ, ઉધરજા.

૯. પોતાની ઉંચી પદવીને લાયક, હુકમ તેઓ નથી માગતા.

૧૦. ઘોડેસ્વાર સૈનિકોની સરદારી તેઓ નથી માગતા.

૧૧. પણ તમારા હમારા જેવા એક સાધારણ લડવૈયા તરીકે તેઓ આવેલ છે.

૧૨. (જર્મન) વંદરબાર, અંકલ બીલ, વંદરબાર.

૧૩. હિંદના મગરૂર શાહજાદા પણ જ્યારે સત્તા અને માન એક તરફ મુકીને.

૧૪. અમારી સાથે, લડાઇમાં જોડાવામાં, તેઓ પદવી તથા ઇલ્કાબ, ફેંકી દે છે.

૧૫. ત્યારે અમારો પક્ષ સચ્ચાઇ ઉપર છે; અને તે વાસ્તે શરત કરવી હોય તો તમારા વીસ (૨૦) ઇલ્કાબો પણ જશે.

૧૬. (જર્મન) ગૉટ સી ડૅંક, અંકલ બીલ, ગૉટ સી ડૅંક.

## (ડેલી સીટીઝન.)

ના૦ આગાખાન લડાઇને મોખરે જવાને અને કંઇ પણ **'સ્વભોગ'** આપવાને એટલી બધી તીવ્ર ઇચ્છા રાખતા હતા કે, જ્યારે સારવારની હિંદી ટુકડી લડાઈમાં ગઈ તે પહેલાં એક દિવસે, ઇંગ્લંડમાં તેઓએ મજકુર ટુકડી સાથે વાત કરતાં, જણાવ્યું હતું કેઃ—

"મ્હારો એક નાનો અને દીનતા ભરેલો ખુલાસો સાંભળો—તમારા જેટલો, મારો સ્વભાવ, ઘણો લડાયક નથી, તો પણ તમારા 'ઇંટર પ્રેટર' તરીકે તમારી સાથે બનશે તો આવીશ. (ચીયર્સ—તાળીઓ) હું ઇંગ્લીશ, ફ્રેંચ, જર્મન અને હિંદુસ્તાની જાણું છું, અને હું ધારતો નથી કે, તમોને બીજો વધારે ઉપયોગી માણસ મળશે, એટલે કે, હું તમારી જુદી ભાષાઓ બોલનારની વચ્ચે રહીને એક બીજાને સમજાવનાર સાથે આવીને, જાતે કમાવીને; ગુજરાન ચલાવીશ. જો તમારી સાથે ન આવું તો તે ઉપરના દબાણને લીધે છે, પણ મારી કોઈ ખામીને લીધે નથી."

## ૪૭

# ઇંગ્લંડમાં વિશ્વાસ.

ઇંગ્લંડ વાસ્તે આવા પ્રેમનું તથા આવા કટાકટી તોફાનના સમયમાં કંઇ પણ રીતે ઉપયોગી થવાની જે તેમની ઇચ્છા છે, તેમનું એ કારણ છે કે, હિંદ સાથે બ્રિટીશ સંબંધની સચ્ચાઈ અને ન્યાયમાં તેમનો પૂર્ણ વિશ્વાસ તથા ભરોસો છે. તે એવો સંબંધ છે કે અંતે બન્ને દેશને લાભ મળશે.

સર ફીરોજશાહ મહેતાના જીવનકાર્ય બાબત વિષે તે નામદારે ભાષણ આપ્યું હતું, ત્યારે હિંદના સવાલોની બાબમાં વિચારતા, અંગ્રેજ તાલીમ અને અંગ્રેજી સુધારાના નિયમો ઘણાજ ફળરુપ નિવડશે અને તે બાબત તે નામદારને મક્કમ ભરોસો છે, એમ જણાવતા તે નામદાર કહે છે કે:—

"ઇંગલંડની રાજ્યનીતિમાં સર ફીરોજશાહ મેહતાનો પૂર્ણ વિશ્વાસ હતો. તેમજ મી૦ ગોખલેએ પણ જીંદગી પર્યંત વિશ્વાસ રાખેલો હતો, અને હું પણ વિશ્વાસ રાખું છું.

ખુદાની ગહન ગતિથી હિંદુસ્તાનનું રક્ષણ ઇંગ્લંડને કબજે સોંપાયું. મને એક દલીલ યાદ આવે છે કે, અસલના વખતમાં જેમ ઈસરાઈલને પસંદગી આપવામાં આવી હતી, તેમ હિંદને પણ પસંદગી મળી છે—"જુઓ મેં તમારી સામે રાહત અને પરેશાની રજુ કરી છે, જો તમો

તમારા ખુદાના હુકમો માનશો તો, સુખ મળશે, પણ તેના ફરમાનો નહિ માન્ય કરશો અને બીજાને ખુદા માનશો તો દુઃખ થશે. ઇંગ્લીશ જીવન અને ઇંગ્લીશ સંસારની નૈતિક, સામાજીક માનસિક અને રાજકીય રૂઢીયોનો પવન, ધીમે ધીમે પણ, નિયમિત રીતે અને લોકોને પસંદ પડે તેવી રીતે થાય છે, અને તેમ પસંદ પડવાથી, ઇંગ્લંડ અને હિંદ વચ્ચેનો સંબંધ, હાલના હિંદીવાનોને તેમજ ભાવિ હિંદી પ્રજાને લાભદાયક થશે"

દરેક ભારતવાસીને આવો ભરોસો છે તેની ખરી ખાત્રી એ છે જે, આવા જરૂરીયાતના પ્રસંગમાં, ઇંગ્લંડને હિંદુસ્થાને એકમતેથી અને વફાદારી સાથે, ઘણીજ મદદ આપી છે. ઇંગ્લંડ અને હિંદ વચ્ચેનો સંબંધ ગયા જમાનામાં ઘણી વખતે, અણગમતો થયેલ છે, એવું કબુલ કરીને નામદાર આગાખાને અંગ્રેજ લોકોને એવું બતાવી આપ્યું છે કે, હિંદની વફાદારી, ઇંગ્લંડ પ્રત્યે એટલી બધી તો મક્કમ છે કે, નાના મતભેદોથી તેને (વફાદારીને) કંઇ ખલલ નહિ પહોંચે, અને તેથીજ સામ્રાજ્યને એકમતથી મદદ કરવાને શકિતવાન થયેલ છે. ઇંગ્લંડમાં. એક સભામાં બોલતાં તેઓ નામદાર જણાવે છે કેઃ—

"હિંદ અને સામ્રાજ્યના મુશ્કેલીના વખતમાં, સદ્‌ભાગ્યે, જ્ઞાતિ અને ધર્મના મતભેદ હિંદમાં નથી નડયા. તે ભેદની કંઈ પણ કિંમત નથી.

(તાળીયો.) હિંદનું લોહી ફ્રાન્સ, બેલ્જીયમ; અને હું (આશા રાખું છું કે, અગર જર્મની હારે તોજ મિત્રરાજ્યો તેમાં દખલ કરે, જેથી જર્મનીમાં લડાઈ થાય અને ત્યાં ખુન રેડાય.) (તાળીયોનો કડકડાટ.) રણભૂમિમાં, રેડવામાં આવશે, તે લોહી ગેરવલે ગયું નહીં ગણાય. અગર તેના પરિણામે, હિંદમાં, ધાર્મિક અને જ્ઞાતિક દ્વેષભાવ તથા બીજી શંકાઓ કાયમ વાસ્તે, નાશ પામે. (તાળીયો.) સામ્રાજ્યની ગમગીની તથા મુશ્કેલીઓના સમયમાં, સંપૂર્ણ ભાગ લેવાને અને બ્રિટીશ સામ્રાજ્ય તથા મિત્રરાજ્યના જીતવાના મક્કમ ઈરાદાને લીધે જે ભોગ આપવા પડે, તે ભોગ આપવાને, હિંદીવાનો બીલકુલ એકમત છે.

એક બાબત કહેવાની ખાસ જરૂર છે કે, જ્યારે હું અહીંયા આવ્યો; ત્યારે મેં આ દેશના લોકોમાં એક મનગમતું આશ્ચર્ય જોયું. તે આશ્ચર્ય આવા કટાકટીના સમયમાં, હિંદની વફાદારી અને સંપ જોઈને થયેલું હતું. સદગ્રહસ્થો, જે હિંદીવાન પોતાના દેશને જાણતો હોય, તથા જે માણસ હિંદના લોકોમાં પ્રવાસે ગએલ હોય, અથવા હરકોઇ શખશ કે જે હિંદના લોકોની શહેનશાહ પ્રત્યેની દ્રઢ વફાદારી જાણતો હોય, તેને આ

આશ્ચર્યની લાગણી થશે નહીં, અને વખતોવખત લૌકીક ક્રોધના વાદળાંઓ ચડી આવેલાં; પણ તે છતાં અંગ્રેજ લોકોના સારા વિચારો અને મહેરબાની હિંદ પ્રત્યે છે. તે બાબમાં અમારો વિશ્વાસ ઘણોજ મક્કમ છે. (તાળીયો.) બ્રિટીશ રાજ પ્રત્યે હિંદના કેળવાયલા વર્ગની લાગણીયોનો જ્યારે જ્યારે ખ્યાલ કરૂં છું, ત્યારે ત્યારે કુંવરી "કૉર્ડે-લીયા"ની તેના પિતા "લીયર"* પ્રત્યેની લાગણીયો મને હંમેશા યાદ આવે છે. એટલે કે તે એક એવી મગરૂરી ભરેલી લાગણી અને વીચાર છે કે, સુખ શાંતિના વખતમાં, પોતાની વફાદારી અને પ્રેમ માત્ર બોલી નહિ બતાવે. ઇંગ્લંડની જરૂરીઆતથી, હિંદને એક એવી તક મળી છે કે, જેથી સામ્રાજ્યને બચાવવાને તથા જાળવી રાખવાને પોતાની તમામ મીલ્કત ખર્ચ કરશે, અને પોતાનું લોહી પણ રેડશે. હિંદનો કેળવાયલો વર્ગ માત્ર

---

*એક શોક જન્ય ઇંગલીશમાં નાટક છે, તેમાં રાજા લીયરને ત્રણ દીકરીયો છે. બે ખુશામતી હતી અને ત્રીજી કોર્ડેલીયા, નિખાલસ દીલની હતી, એને ખુશામત કરતાં ન્હોતી આવડતી તેને રાજા દેશવટો આપે છે છેવટે જ્યારે રાજાનું રાજ ખુશામતી છોકરીઓના પતિ પચાવી પાડે છે, ત્યારે કોર્ડેલીયા ફ્રાંન્સમાંથી સૈન્ય લઈ મદદે આવે છે, અને પોતાના પિતાને બચાવવા બહાર પડે છે.

ચડતીનાજ મિત્ર (ઉગતાને પૂજનાર) નથી કારણ કે પૃથ્વી ઉપર કોઇ પણ માણસ કે જે ન્યાયથી બોલે તો, હિંદીવાનોએ; એકમતથી વફાદારી, સામ્રાજ્ય પ્રત્યે તેની તવારીખમાં આ મોટામાં મોટી કસોટીના વખતમાં, બતાવી છે, તે વાતને અવશ્ય કબુલ રાખશે.

પણ સદ્‌ગ્રહસ્થો, આ લડાઈ પુરી થાય ત્યારે રાજ અને પ્રજા વચ્ચેની ગેરસમજુતી પણ પૂર્ણ થાય તો સારૂં. (તાળીયો.) આપણો હિસાબ, ફરીથી એક કોરી સ્લેટમાં ગણીએ તો ઉત્તમ છે. અગાઉ કહ્યું તેમ, કુંવરી 'કૉર્ડેલીયા' પોતાની મોટાઈથી રાજા 'લીયર' પ્રત્યેની વફાદારીના વિચાર જણાવતી નહીં તેથી બન્નેને માઠા પરિણામ આવ્યા, તેમ આપણે રાજા યા પ્રજા, એમાંથી કોઇપણ ભવિષ્ય કાળમાં અહંકાર રાખીએ નહીં તો સારૂં. હવે, રાજા અને પ્રજામાં વધારે વખત ગેરસમજુતી ન રહે, યા તો તે ગેર સમજુતીને બને તેમ ઓછી કરી નાખશો તો સારૂં. કારણ કે, લડાઈ આખરે આ દેશને ગમે તે થાય, અને તેમાં આ દેશને જો નુકસાન થશે, તો હિંદની ઉમેદો અને હિંદનું નસીબ બરબાદ થશે. બીજું એ જે, આગળ જતાં ગમે તે થાય, પણ બ્રિટીશ સામ્રાજ્યને વાસ્તે, લશ્કરી

માણુસો દોલત તથા બીજી સામગ્રી પુરી પાડવા વાસ્તે, હિંદમાં સર્વ ચીજોનો અખૂટ ભંડાર મોજુદ છે, (તાળીયો) લડાઈ પૂર્ણ થયા પછી, હું ઉમેદ રાખું છું કે, સામ્રાજ્યને જે જુસ્સાથી અને દીલસોજીથી હાલમાં મદદ કરવામાં આવે છે તેજ જુસ્સો અને દિલસોજી, ચિરકાલ સુધી સંપ કરવા (કાયમ) બતાવવામાં આવશે, અને છેવટમાં વીસ વર્ષથી જે અણુસમજુતી પ્રજા વચ્ચે છે તે બંધ થશે.

દરેક વર્ષમાં એક વખત હું અવશ્ય હિંદમાં સર્વ જગ્યાએ મુસાફરી કરૂં છું, તેથી જાતજાતના અનુભવથી બોલું છું કે, સમસ્ત હિંદમાં સને ૧૮૫૮ ના ઢંઢેરાના ઠરાવોને સૌએ કબુલ કર્યા છે. મનુષ્યની મોટી કોલાહુલના વખતમાં ધારવા બહાર અને સ્વલક્ષ બહાર ઘણા મહત્વના બીજા પરિણામ આવે છે, અને તે નિયમને અનુસાર અમારા લોકોએ બ્રિટીશ સલતનત, સ્વાભાવિક રીતે અને અર્ધજ્ઞાનથી સ્વીકારી, અને તે પછીથી હવે જણાય છે કે, હિંદની ભાવિ ઉન્નતિ ફકત, શહેનશાહના રાજય નીચેજ શકય છે. બીજું એ જે, અમારા લોકો મહારાણીના ઢંઢેરામાં શું મતલબ હતી, તે ભુલી નથી ગયા. (તાળીયો) અને અંગ્રેજ પ્રજાએ પણ, તે ઢંઢેરાની અક્ષરસહ મત-

લખ યાદ રાખવી જોઈએ; અને મહારાણી વિક-ટોરીયા કે જેઓ જોન બ્રાઈટના કહેવા પ્રમાણે ઘણાજ સત્ય વક્તા હતા તેઓએ શા ઉદ્દેશથી ઢંઢેરાને બહાર પાડેલ, તે ઉદ્દેશને વળગી રહેવું જોઇએ. તમારી પ્રજા, સંપૂર્ણ રીતે, તે ઢંઢેરાના અક્ષર, તેમજ મતલબને વળગી રહે તોજ સારૂં છે. હીંદની ભાવિ ઉન્નતિ નીચેની રીતેજ સરસ થશે, અને તે એ કે, શહેનશાહ સામ્રાજ્ય અને ઇંગ્લંડ પ્રત્યે અમારા લોકો તાબેદાર અને વફા-દાર રહે અને તમારા લોકોને પણ ભાન (સમજણ) હોવી જોઇએ કે, માત્ર સંપથીજ તમારા અમારા વચ્ચેનો સંબંધ કાયમ થશે. (કડકડાટ તાળીયો.)